॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

નવેમ્બર ૨૦૧૧
રૂ. ૫/૦૦

## દિપાવલનીના દિવસે ૨૧૦૦૦ હજાર દિવાથી શોભતું ભુજ મંદિર





























(૧) નવા વર્ષના શુપ્રભાતે સંતોની વિશાળ સભાનાં દર્શન-ભુજ. (૨) શરદપૂર્ણિમાના દિવસે રાસોત્સવબાદ મહાઆરતીનો લાભ લેતા ભક્તો-અંજાર. (૩) શરદપૂર્ણિમાના દિવસે ઠાકોરજી આગળ દીપમાળાની આરતીના દર્શન-ભુજ. (૪) શરદપૂર્ણિમાના દિવસે રાસોત્સવ બાદ આરતી-માંડવી. (૫) દિવાળીના દિવસે ચોપડા પૂજનમાં ઉપસ્થિત શહેરનો વેપારી વર્ગ તથા પ.પૂ. સંતો-ભુજ. (૬) માંડવી થી નારાયણસરોવર, તેરા, કાળાતળાવના સત્સંગ પ્રવાસે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો સાથે સંતો. (૭) કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નાંગલપુર-માંડવી આયોજીત રાત્રીય સત્સંગ સભામાં ઉપસ્થિત અલગ અલગ વિસ્તારના વડીલો તથા યુવાનો. (૮) મીઠી વીરડી-માંડવી રાસોત્સવ બાદ યજમાન સાથે સંતો.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

।। યાવજ્જીવં ચ શુશ્રૂષા કાર્યા ।।    ।। માનવસેવા પ્રભુસેવા ।।

**ધર્મ, જ્ઞાન, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક**

## લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખક એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### :: લવાજમ ::

| | |
|---|---|
| દેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**:: E-mail ::**
sandesh@bhujmandir.org
info@bhujmandir.org
**:: website ::**
www.bhujmandir.org.

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૦, અંક - ૧૧ - નવેમ્બર-૨૦૧૧
સળંગ અંક - ૩૧૨

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**-:: સંસ્થાપક ::-**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: પ્રકાશક અને મુદ્રક ::-**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**-:: તંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

# તંત્રીની કલમે...

ધર્મપરાયણ સંતો હરિભક્તો દર માસમાં આવતી બે એકાદશીનું વ્રત રાખે છે. વ્રત એક ધાર્મિક નિયમ છે. વ્રત લેવામાં અમુક કરવાનો અથવા ન કરવાનો નિર્ણય કરી તેનો નિયમ ધારણ કરવામાં આવે છે.

વ્રત પ્રાચીન સમયથી હિન્દુસ્થાનની સંસ્કૃતિનું ધાર્મિક અંગ બની રહેલું છે. સકામ ભાવે કરવામાં આવતા વ્રત વિષય સંબંધી ફળ પ્રાપ્તિના પ્રયોજનથી રાખવામાં આવે છે. નિષ્કામ ભાવે કરવામાં આવતાં વ્રત જીવના કલ્યાણની ફળ પ્રાપ્તિના હેતુથી રાખવામાં આવે છે.

પ્રત્યેક માસમાં બે વાર આવતું એકાદશીનું વ્રત વ્યવહારમાં વિશેષ પ્રચલિત બની ભાવિકોના જીવનમાં નિકટતા પામી ગયું છે. આબાલ વૃધ્ધ સૌ એકાદશીનું વ્રત કરે છે. બાળકો પણ ઉમંગથી કરે છે.

નિરાહારી વ્રત રાખવા કારણવશ અશક્ત ભક્તો અલ્પ ફલાહારનું સેવન કરીને પણ વ્રતનું પાલન કરે છે.

એકાદશી ધાર્મિક માહાત્મ્ય સાથે બીજી લાક્ષણિકતાઓ પણ ધરાવે છે. આરોગ્યની દૃષ્ટિએ પાચનક્રિયાના અવયવોને આરામ આપે છે. ઉપવાસના હળવા તપથી, વિષયો પાછળ દોડતી ઈન્દ્રિયોનો આવેગ ઓછો થાય છે, શ્રીહરિની ઉપાસનામાં સમય ગાળવાથી અંતઃકરણ વિષદ બને છે, આધ્યાત્મિક બળની પ્રાપ્તિ થાય છે. જીવનું રૂડું થાય છે અને શાંતિ મળે છે.

શ્રીજી મહારાજે સર્વે આશ્રિતોને એકાદશીનું વ્રત રાખવાની આજ્ઞા કરી છે તેમજ રાત્રે જાગરણ કરી વાજિંત્રો સહિત ઉત્સવ કરવાની પ્રણાલિકા અપનાવી તહેવારનું રૂપ આપી વ્રતોપવાસને મનોરંજક અને ચિત્તને પ્રફુલ્લિત કરનાર બનાવ્યો છે. હરિભક્તો આજ્ઞાનુસાર ઉત્સવ મનાવી કીર્તન અને વાજિંત્રોની ધૂનમાં તન્મય બની ભક્તિભીના માહોલનું સર્જન કરે છે.

સ.ગુ. સ્વામી અક્ષરજીવનદાસજીનો એકાદશીએ વાંચવાનો બોધપત્ર સત્સંગમાં દૃઢ રહી સંપ્રદાયના નિયમોનું પાલન કરવામાં સજાગ રહેવા પ્રેરણા આપે છે.

શ્રીજી મહારાજે હઠીભાઈ દરબારના ગામ ધોરાજીમાં હરિભક્તોની સભામાં એકાદશીની ઉત્પત્તિ, પૂજન, માહાત્મ્ય તથા પારણાં વિધિની સમજ આપી હતી. તે પ્રમાણે એકાદશીની ઉત્પત્તિ શ્રીહરિની (શ્રીકૃષ્ણની) ૧૧ ઈન્દ્રિયોના તેજમાંથી મુર નામના રાક્ષસનો નાશ કરવા થયેલી છે. એકાદશીએ માગેલા વરદાન પ્રમાણે ભગવાન તેના ૨૪ નામરૂપ સાથે પોતાનાં ૨૪ નામરૂપથી વર્યા છે.

એકાદશીને બીજે દિવસે યથાશક્તિ ભોજન દક્ષિણાથી બ્રાહ્મણોને સંતુષ્ટ કરી પારણાં કરવાથી વ્રત સફળ થાય છે. શ્રીજી મહારાજે ધોરાજીમાં પ્રબોધિની ૧૧ ના ઉત્સવનાં પારણાં નિમિત્તે હજારો બ્રાહ્મણોને જમાડી, દક્ષિણા આપી, તૃપ્ત કરીને અનુકરણીય દાખલો બેસાડેલો છે. વ્રતનું વિધિપૂર્વક ઉદ્યાપન મનવાંછિત ફળ આપનારું છે.

દેવશયની એકાદશીએ ભગવાન ક્ષીરસાગરમાં શેષનાગની શૈયા ઉપર યોગનિદ્રામાં પોઢે છે. પરિવર્તિની એકાદશીએ પડખું ફેરવે છે. પ્રબોધિની એકાદશીએ જાગૃત થાય છે.

સંપ્રદાયના ઈતિહાસમાં તુલસી વિવાહ, શ્રી રામાનંદસ્વામીએ નીલકંઠવર્ણીને ભાગવતી દીક્ષા આપી, શ્રી રામાનંદસ્વામીએ નીલકંઠવર્ણીનો પટ્ટાભિષેક કર્યો, ધર્મદેવનો જન્મ, શ્રીહરિએ આચાર્યપદનું સ્થાપન કર્યું, શ્રીહરિ આગળ ભરવામાં આવતી હાટડી વગેરે પ્રસંગો કારતક સુદ ૧૧ ના છે.

"ભાગ્યહીન કો ના મિલે ભલી વસ્તુકા ભોગ, દ્રાક્ષ પકે મુખ પાક હૈ, હોત કાગ કે રોગ"

આ સાખી અનુસાર નસીબના આકરાજનોને જીવનું કલ્યાણ કરનાર એકાદશીનાં વ્રતનો ઉપવાસ લાંઘણ લાગે છે અને જાગરણ ઉજાગરો લાગે છે - તેમની દુષિત બુધ્ધિની આ નબળાઈને ભક્ત કવિ દયારામે "એકાદશી ઓચ્છવનાં જાગરણ અતિ કઠણ તને લાગે, ભાંડ ભવાયા જોવા માટે સારી રાત તું જાગે" આ કીર્તનકાવ્ય પંક્તિઓમાં ખુલ્લી કરી છે.

પવિત્ર નર્મદા તટે અવધૂત આશ્રમમાં 'બુચીઓ' નામનો કૂતરો એકાદશીના દિવસે અનાજ ખાતો ન હતો અને એકાદશીનું વ્રત પાળતો હતો. આ ઘટના આપણી સમકાલીન - હમણાંની છે. શાસ્ત્રોને ગપ્પાં કહેનાર અને સંતોની અવગણના કરનાર નાદાન વર્ગને આ શ્વાન બોધ આપે છે. જો તેઓ સ્વીકારે તો ! ઈતિ જય શ્રી સ્વામિનારાયણ.

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

***લેખાંક – ૨***

લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - વેદાન્તાચાર્ય

(ગતાંકથી ચાલુ)

***વેદોની ક્યારે અને કેવી રીતે રચના થઇ ?***

વેદ પૌરુષેય છે કે અપૌરુષેય ? પૌરુષેય હોય તો કોણે તેની રચના કરી ? અપૌરુષેય હોય તો કેવી રીતે ? શું વેદ કોઇ પુરુષની રચના છે કે પરમાત્માની ? આવા અનેકવિધ પ્રશ્નો વિદ્વાનોના મનમાં ઉદ્‌ભવતા હતા અને આજે પણ ઉદ્‌ભવે છે. આનો ઉત્તર વેદ સ્વયં આપે છે. વેદ વચનોથી જ નિશ્ચય થાય છે - કે વેદ અપૌરુષેય છે. અપૌરુષેયનો અર્થ થાય છે. જેમની રચના કોઇ પુરુષે ન કરી હોય. સ્વયં પરમાત્માએ વેદનું ગાન કર્યું છે. પરમાત્મા પુરુષ કોટીમાં માનવામાં નથી આવ્યા. તેથી પરમાત્માને અપુરુષ કહેવાય છે અને અપુરુષે કરેલ ગાનરુપ જે વેદ તેને અપૌરુષેય કહેવાય છે. તેથી વેદોને અપૌરુષેય કહેવાય છે.

*વેદ સ્વયંભૂ સર્વ વ્યાપક પરમાત્માએ વેદનું ગાન કર્યું.* स्वयंभूर्याथातथ्यतोऽर्थात् व्यदधाच्छाश्वतीभ्यः समाभ्य ।। (यजु.४०/मं.८) યજુર્વેદનું પ્રમાણ છે સ્વયંભૂ, શુદ્ધ, સનાતન પરમેશ્વર ભગવાને પ્રજાના કલ્યાણ માટે વેદો દ્વારા યથાવત્ રીતે બધી વિદ્યાનો ઉપદેશ આપ્યો છે. ઈશ્વરના ઉપદેશથી જ બધા પ્રકારનું જ્ઞાન-વિજ્ઞાન સંસારમાં ફેલાતું રહ્યું છે. વેદો દ્વારા ઉપદેશ ન અપાયો હોત તો સંસારમાં કોઇ ભાષા કે જ્ઞાન-વિજ્ઞાન નો પ્રકાશ ન થયો હોત. જેમ કોઇ મનુષ્યના બાળકને એકાન્તમાં રાખવામાં આવે અને તેને એવી યુક્તિથી અન્ન,જળ આદિ આપવામાં આવે કે તે ક્યારે પણ મનુષ્યની વાણી કે તેની ભાષા વ્યવહારથી બિલ્કુલ અપરિચિત રહે તો તે બાળક મોટો થયા પછી પણ તેને માનવ વ્યવહારનું જરા પણ જ્ઞાન થતું નથી. તે ક્યારે પણ માનવ ભાષા બોલી શકશે નહી. તેથી સિદ્ધ થાય છે કે ઉપદેશ વિના કોઇ પણ પ્રકારનું વિશેષ જ્ઞાન થતું નથી. તેથી પરમાત્માએ સૃષ્ટિના પ્રારંભમાં જ્ઞાનમય વેદોનો ઉપદેશ કર્યો છે તેનાથી જ સંસારમાં બધા પ્રકારનું જ્ઞાન-વિજ્ઞાન ફેલાયું છે.

*ભગવાને મનુષ્યને સૃષ્ટિની આદિમાં વેદનો ઉપદેશ ન કર્યો હોત તો આજે માનવ અને પશુમાં કોઇ ભેદ ન હોત.* જે કાંઇ સંસારમાં આધ્યાત્મિક અને ભૌતિક જ્ઞાન-વિજ્ઞાન પ્રકાશમય છે તે વેદ થકીજ મળ્યું છે. આજે પણ વેદનું જ જ્ઞાન-વિજ્ઞાન પ્રકાશે છે.

***વેદોનો પ્રચાર પરમાત્માએ કેવી રીતે કર્યો ?***

तेभ्यस्तप्तेभ्यस्त्रयो वेदा अजायन्ताग्नेरृग्वेदोवायोर्यजुर्वेदः सुर्यात्सामवेदः ।। (શત.૧૧-૪-૨-૩)

*આ શતપથ બ્રાહ્મણનું વચન છે – પરમાત્માએ સૃષ્ટિના પ્રારંભમાં (૧) અગ્નિ, (૨) વાયુ, (3) આદિત્ય અને (૪) અંગિરા આ ચાર મહાન્ પવિત્ર ઋષિઓના આત્મામાં ક્રમશઃ (૧) ઋગ્વેદ, (૨) યજુર્વેદ, (3) સામવેદ અને (૪) અથર્વવેદ આ ચારે વેદોનો પ્રકાશ કર્યો.*

શ્વેતાશ્વેતર ઉપનિષદ્‌માં કહ્યું છે કે, પરમાત્માએ સૌ પ્રથમ બ્રહ્માને વેદોનો ઉપદેશ આપ્યો.

यो वै ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै ।। (श्वेताः ઉ. ૬-૧૮) સૌ પ્રથમ પરમાત્માએ બ્રહ્માને ઉપદેશ આપ્યો; એનો આશય એ છે કે - પરમાત્માએ અગ્નિ, વાયુ, આદિત્ય, અંગિરા આ ચાર ઋષિઓના હૃદયમાં ક્રમશઃ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદનો પ્રકાશ કર્યો અને આ ચારે ઋષિઓ દ્વારા પરમાત્મા સૌ પ્રથમ બ્રહ્માના હૃદયમાં ચારે વેદોની સ્થાપના કરાવે છે. સૃષ્ટિના પ્રારંભમાં ચારે ઋષિઓ દ્વારા ઋગ્વેદાદિ ચાર સંહિતાઓમાં જેનું મહાન આત્માએ ગાન કર્યું તે બ્રહ્મ કહેવાયા અર્થાત્ - વેદોથી બ્રહ્મ (ભગવાન) નો પરિચય થયો.

(ક્રમશઃ)

લેખ નં. ૭૧
હપ્તો-૧

# આયુર્વેદિક સરળ ઉપચાર

- મહેન્દ્ર બી. દવે
(માંડવી)

## *જ્વર – તાવ* (FEVERS)

આ દુનિયામાં એવો કોઈ મનુષ્ય નહીં હોય જેને તાવ ન આવ્યો હોય. આ દેહમાં જેટલી વ્યાધિઓ છે તે બધામાં જવર-તાવ મુખ્ય અને પ્રાચીન વ્યાધિ છે. મહર્ષિ ચરક કહે છે, જવર દેહ, મન એકાદશ ઈન્દ્રિયો સર્વને પીડા કરનાર, ઘણા ઉપદ્રવો કરનાર આ રોગ જેવો બીજો કોઈપણ રોગ નથી. આથી જ જવરને રોગોનો રાજા કહેલો છે. આચાર્ય ચરક કહે છે, ''દેહિનં ન હિ નિર્દોષં જવર : સમૂપસેવતે'' દેહ અને મનનો સંતાપ તે જવર. અન્ય રીતે તેઓ કહે છે કે સ્વેદનો અવરોધ, સંતાપ અને સર્વ અંગે વેદના. આ પ્રમાણે લક્ષણ ો જણાય તે જવર.

એલોપથી - તબીબી વિજ્ઞાન તાવને રોગ નહીં પણ માત્ર લક્ષણ સમજે છે. કેટલાક રોગોને બાદ કરતા મોટા ભાગના રોગો તાવના લક્ષણરૂપે પ્રગટ થાય છે. રોગની ફરિયાદ કરવા તાવ ન આવે તો વ્યક્તિને ખબર ન રહે અને મોત નજીક આવીને ઊભું રહે. માટે તાવને દોસ્ત મિત્ર ગણી શકાય. શરીરના ૯૮.૬° F□ને સામાન્ય ઉષ્ણતામાન ગણવામાં આવે છે. કોઈપણ પ્રકારના વાતાવરણની વધ-ઘટમાં રોગની મુશ્કેલી ઊભી ન થાય તો શરીર ઉપર પ્રમાણે પોતાનું ઉષ્ણતામાન જાળવી રાખે છે. ક્યારેક દિવસ દરમ્યાન કે ઋતુ મુજબ અથવા શારીરિક મહેનતને કારણે ઉષ્ણતામાનમાં સ્વાભાવિક અર્ધાથી એક ડીગ્રી વધ-ઘટ થતી હોય છે. પણ તેને તાવ ન ગણી શકાય. તાવના કારણો અલગ પ્રકારના જ હોય છે.

જવરના કારણો :- ભગવાન ચરકે જવરના કારણો આ પ્રમાણે જણાવ્યા છે. □ લૂખો અને ઠંડો આહાર □□ અતિ વ્યાયામ - વમન (ઉલટી) □ માથાનો દુઃખાવો □ ભારે પ્રમાણમાં વિરેચન (જુલાબ) ઝાડો -પેશાબના વેગને અટકાવી રાખવા □ વધારે પ્રમાણમાં ઉપવાસ. □ આઘાત લાગવો. □ વધારે પ્રમાણમાં કોઈપણ રીતનો રક્તસ્રાવ □ ઉદ્વેગ, શોક. □ અતિ જાગરણ. આ પ્રમાણેના કારણોથી વાયુનો વધારો થતાં જવર ઉત્પન્ન થાય છે. □ ગરમ, ખાટા, તીખા, ખારા પદાર્થો વધારે પ્રમાણમાં ખાવાથી □ ભોજનના સમયની અનિયમિતતા. □ સખત તડકો, પરિશ્રમ, ક્રોધ અને વિષમથી પિત્તનો વધારો થતાં જવર ઉત્પન્ન થાય છે. □ સ્નિગ્ધ ચીકણા. ભારે, મધુર, ઠંડા પદાર્થો વધારે ખાવાથી દિવસે સુવાથી, યોગ્ય મહેનત ન કરવાથી કફનો વધારો થતાં જવર ઉત્પન્ન થાય છે. હવે ત્રણે દોષ પ્રમાણેના લક્ષણો.

વાત જવરના લક્ષણો : થોડી-થોડી વારે તાવમાં વધ-ઘટ થવી, સાંજે અથવા પાછલી રાત્રે તાવ ઓછો વધુ આવે, ટાઢ પડતાં સાથે ધ્રુજારી, ગળું સૂકાય, ઊંઘ ન આવે, માથું તથા લમણું દુઃખે, ઉપરાંત પીંડી, કમર, પડખાં તથા સાંધામાં વેદના થવી, ઉબકા આવવા, તરસ લાગવી, દસ્ત સાફ ન આવવો, બગાસાં આવવા. આ બધા વાત જવરના લક્ષણો કહી શકાય.

પિત્ત જવરના લક્ષણો :- બપોરે અથવા રાતે શરદઋતુમાં આ તાવ આવે છે. મોં સ્વાદ વગરનું ચીકણું લાગવું, મોં અને ગળું પાકી આવવું, ચક્કર તથા તરસ, પિત્તની ઊલટી થવી, શરીર ઢીલું પડી પરસેવો થવો, આંખ, મોં, નખ, ચામડી પીળાશ પડતા લાલ જણાય, ખાટા ઓડકાર, ઠંડી વસ્તુ ખાવાની ઈચ્છા થવી, આંખોમાં બળતરા થવી. આ બધા પિત્ત જવરના લક્ષણો ગણી શકાય.

કફ જવરના લક્ષણો : શરીરનું ભારે થવું, મોં માંથી કફ તથા લાળ ઝરવી, મોઢામાં મીઠાસ, મોળ-ઉબકા, ઊંઘ વધુ આવવી. ઉધરસ, શરદી, થોડી ઠંડી લાગવી, શરીર બહુ ગરમ ન થવું, ગરમ વસ્તુ ખાવાની ઈચ્છા, નખ, આંખ, ઝાડો, પેશાબ સફેદ જણાય, ચામડીમાં ફીકાસ. આ બધા કફ જવરના લક્ષણો કહેવાય.

(હવે પછી - ઉપાય તથા દવા)

# શ્રીહરિના ભક્ત ગંગારામ મલ્લ

- પી. આર. જેઠી
- માનકુવા

બ્રાહ્મણોમાં સૌથી જયેષ્ઠ બ્રાહ્મણ અગ્નિહોત્રી બ્રાહ્મણ કહેવાય છે. આવા ઉચ્ચકુળના બ્રાહ્મણ અગ્નિહોત્રી ચતુર્વેદી મોઢ બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા ગંગારામ મલ્લ શ્રીહરિના અનન્ય ભક્ત હતા. જયેષ્ઠ પરથી જયેષ્ઠી અને પછી જેઠી જ્ઞાતિનો મુખ્ય વ્યવસાય મલ્લકુસ્તી કરવાનો અને શીખવાનો હતો. તેઓનું મુળ વતન ઉત્તર ગુજરાતમાં મોઢેરા પાસે આવેલ ગામ દેલમાલ છે. (તેઓનાં કુળદેવી મા લીંબજા છે.)

ઈ.સ. ૧૮૦૦ ની આજુબાજુમાં જયેષ્ઠી ગંગારામ મલ્લનો જન્મ ભુજ શહેરમાં થયો હતો. ગંગારામ મલ્લનો ઉલ્લેખ સ્વામિનારાયણ સંપ્રદાયના સંપોષક શ્રી સ્વામિનારાયણ ભગવાનના જીવન-લીલાના પુસ્તકોમાં જોવા મળે છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં તેમનું નામ આદરથી લેવાય છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન વિષે તેમના ભક્તોએ પુસ્તકો લખ્યા છે. આ તમામ પુસ્તકમાં શ્રીહરિના મુખ્ય ભક્તોમાં ગંગારામ મલ્લ, સુંદરજી સુથાર, હીરજીભાઈનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. તેમાં શ્રીજી મહારાજની લીલાના વિસ્તારથી વર્ણન છે. શ્રીજી મહારાજ કચ્છ દેશમાં જે-જે જગ્યાએ વિચર્યા, સત્સંગસભાઓ કરી તેમજ ભુજનગરમાં મંદિર સ્થાપ્યું તે વિષેના પ્રસંગોનો ઉલ્લેખ થયેલ છે. ત્યાં ગંગારામ મલ્લનો પણ ઉલ્લેખ જરૂરથી જોવા મળે છે. આવા પ્રસંગો નીચે મુજબ જોવા મળે છે.

હરિભક્તો સુંદરજીભાઈ, હીરજીભાઈ તથા ગંગારામ મલ્લના અતિશય આગ્રહથી શ્રીજી મહારાજે ભુજમાં મંદિર બાંધવાનું વિચાર્યું. એ કામ માટે શ્રી વૈષ્ણવાનંદ સ્વામીને મોકલ્યા. ભુજમાં ત્રણ શિખરનું ભવ્ય મંદિર બંધાવ્યું. શ્રીજી મહારાજના સ્વહસ્તે મંદિરના મધ્યમાં નરનારાયણદેવની મૂર્તિઓ સંવત ૧૮૭૯ ના વૈશાખ સુદ પાંચમને રોજ વેદોક્તવિધિથી પ્રાણપ્રતિષ્ઠા કરી પધરાવી.

'કચ્છ લીલા'ના પુસ્તકમાં જણાવ્યું છે કે મોટા યજ્ઞોમાં, સમૈયા ઉત્સવોમાં સભાઓમાં અનેકવાર મલ્લકુસ્તી કરીને મહારાજની અત્યંત પ્રસન્નતા મેળવનાર ગંગારામ મલ્લ ભુજના વતની હતા. તેઓ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. શ્રીહરિએ પ્રસન્ન થઈને ગંગારામ મલ્લને અનેકવાર વસ્ત્રો, અલંકારો આપેલા. એમને ઘેર પધારીને જમ્યા છે. સભાઓ કરી છે. ગંગારામ મલ્લ ખૂબ જ બળવાન અને હિંમતવાન હતા. સત્સંગનો દૃઢ પક્ષ રાખા હતા. કોઈપણ સંત હરિભક્તને કોઈ પીડતું હોય તો તેને હાથનો ચમત્કાર બતાવ્યા વિના રહેતા નહીં. જગતથી નિડર બનીને ભગવાન તથા સંતની સેવા કરતા હતા.

એક પ્રસંગમાં જણાવ્યું છે કે, મહારાજે વિનોદ કરતાં કહ્યું કે ગંગારામ મલ્લ તમારામાં કેટલું બળ છે ? અમારું કાંડું પકડો, અમે છોડાવી શકીએ છીએ કે નહીં ! મહારાજે લીલા કરી. ગંગારામ મલ્લને શ્રીજી મહારાજમાં શ્રીકૃષ્ણ દેખાયા. જયેષ્ઠી મલ્લોના પરમ પૂજ્ય એવા શ્રીકૃષ્ણને જોતાં ગંગારામ મલ્લ શ્રીજી મહારાજને પગે પડ્યા. પોતાની ભૂલ માટે માફી માંગી તેમનામાં બળ તો અમાપ હતું. એક સાથે આઠ નાળિયેર ફોડી નાખતા હતા. બે બગલમાં, બે કોણીએથી, બે સાથળ વચ્ચે અને બે ઢીંચણથી એ રીતે નાળિયેર ગોઠવી એવી ભીંસ દેતા કે આઠ નાળિયેર એક સાથે ભાંગીને ભુક્કો થઈ જતા. પણ શ્રીહરિમાં શ્રીકૃષ્ણના દર્શન થતાં ગંગારામ મલ્લ પગે લાગે છે.

પ્રો. રમેશ દવેનું લખેલ ''સહજાનંદ ચરિત્ર'' માં જણાવેલ છે કે શ્રીજી મહારાજ વડતાલથી નીકળી

કચ્છ આવ્યા. કચ્છમાં આધોઈ, ભચાઉ થઈને મહારાજ ભુજ પધાર્યા. ભુજમાં સુંદરજી સુતારને ઘરે ઉતર્યા. મહારાજને પગે ગુમડું થયું હતું. તે પાકી ગયું હતું જેથી, પગ સુજી ગયેલો. તેથી વધુ હેરફેર ન કરતાં સુંદરજી સુતારના ઘરે મેડા પર જ રહેવાનું રાખેલ હતું.

સુંદરજી સુતાર દરબારમાં કારભારીની નોકરી કરતા હતા. તેમને તાવ આવી જતાં જગજીવન દિવાન સુંદરજીભાઈની ખબર કાઢવા તેના ઘરે આવ્યો. જગજીવન મહારાજ પ્રત્યે ખૂબ જ દ્વેષ રાખતો હતો. નિંદા પણ કરતો હતો. તેણે તેના બળદનું નામ ''સહજાનંદ'' રાખેલું. આવો નિષ્ઠુર દિવાન સુંદરજીભાઈની ખબરઅંતર પૂછીને પછી કહ્યું, હાલ સહજાનંદ ક્યાં છે ? ત્યારે સુંદરજી સુતાર ખચકાયા. ત્યાં તો મહારાજ નિસરણીના પગથિયે આવીને બોલ્યા, હું સહજાનંદ આ રહ્યો, અહીં જ છું, તમારી પાસે આવું છું એમ કહીને મહારાજ નીચે ઉતર્યા. જગજીવને કટાક્ષમાં પૂછ્યું, તમે પરમેશ્વર છો ? શું તમે જ રાધા અને લક્ષ્મીના પતિ છો ? ત્યારે મહારાજે કહ્યું, હા, હું જ સચ્ચિદાનંદ પરબ્રહ્મ પુરુષોત્તમ છું. રાધા લક્ષ્મીનો નાથ છું શાસ્ત્રોમાં મારો મહિમા કહ્યો છે. મહારાજનો આવો ઉત્તર સાંભળી જગજીવન ખિજાઈને રાતોચોળ થઈ ગયો. તે પગ પછાડીને ઘરની બહાર નીકળી ગયો. જગજીવને આરબોની બેરખ સહજાનંદ સ્વામીને બાંધીને પકડી લાવવા મોકલી. મહારાજને ખબર પડી. તેઓ ગંગારામ મલ્લને ઘેર જઈને રહ્યા. આરબો મલ્લને ઘરે આવ્યા. મહારાજના કહેવાથી ગંગારામે પોતાના ભાઈને જમાદાર ફતેહમહંમદને સમાચાર આપવા મોકલ્યો. પોતાના હુકમ વગર જગજીવને આવું કરેલું તે સાંભળી ફેતહમહંમદ પોતાના સૈનિકોને મોકલી જગજીવનના સિપાઈઓને ચાલ્યા જવાનું કહેડાવ્યું. જગજીવન હાથ ઘસતો રહી ગયો.

મહામુક્ત સ્વામી સિધ્ધાનંદમુનિએ લખેલ ''શ્રીહરિચરિત્રામૃત સાગર'' માં જણાવેલ છે કે, શ્રીહરિના કહેવા મુજબ ભુજમાં શિખરબંધ મંદિર બાંધ્યું. તે મંદિરમાં શ્રી નરનારાયણદેવ પધરાવવા માટે શ્રીહરિએ દેશ દેશના સંત હરિભક્તોને તેડાવ્યા. શ્રીહરિ ભુજ પધાર્યા ત્યારે ગામો ગામથી હરિભક્તો આવેલા. ગંગારામ મલ્લ, હીરજીભાઈ સુતાર વિગેરે હરિભક્તોએ શ્રીહરિનું સામૈયું કરવા આવેલ. દંડવત્ કરી પગે લાગેલા.

આ મંદિરમાં અંદરના ભાગે દિવાલ પર શિલાલેખ છે તેમાં લખેલ છે કે, શ્રી મહારાજ સ્વામી શ્રી સહજાનંદજીની આજ્ઞાથી શ્રી નરનારાયણનું મંદિર ભુજ નગર મધ્યે રાજા શ્રી દેશલજીના રાજમાં જેઠી ગંગારામ મલ્લ આદિ સમસ્ત સમસ્ત ભક્તોએ મળીને કરાવ્યું છે. સંવત્ ૧૮૭૯, વૈશાખ સુદ ૫ ના દેવમૂર્તિ પધરાવી છે.

ગંગારામ મલ્લ મહારાજની કેટલા નજીક હતા તે સહેજે ઉપરોક્ત શિલાલેખથી જણાઈ આવે છે. આ ઉપરાંત અન્ય જેઠી ખીમજી, જેઠી વાઘજી, જેઠી ઉકરડાનો ઉલ્લેખ પણ જોવા મળે છે. ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરની છતમાં દોરેલા શ્રીહરિના લીલાના ચિત્રોમાં પણ ગંગારામ મલ્લ શ્રીહરિની સામે કુસ્તી કરતા દેખાડવામાં આવેલ છે.

ગંગારામ મલ્લ શ્રીહરિના ભક્ત થતાં સમસ્ત જ્યેષ્ઠી જ્ઞાતિ સ્વામિનારાયણ સંપ્રદાયની અનુયાયી થઈ છે. સ્વામિનારાયણ ધર્મના પ્રમાણે તેમજ શિક્ષાપત્રીમાં કહેલ ઉપદેશોનું તેઓ અનુસરણ કરે છે. ધાર્મિક તહેવારો, અગિયારસ ગ્રહણ, અન્નકૂટ જેવા પવિત્ર પ્રસંગોને તેઓ અનુસરે છે. મંદિરમાં દરરોજ દર્શન કરવા જાય છે.

- સ્વામિનારાયણ મંદિર-અમદાવાદમાં ઈ.સ. ૧૯૨૫માં હરિનારાયણ સ્વામી થઈ ગયા જેઓ જ્યેષ્ઠી જ્ઞાતિના હતા.
- બાઈઓના મંદિરમાં દિવાળીબેન જ્યેષ્ઠી હતાં.

# માયાનું બંધન

- વસંત વી. જાદવ (કેશોદ)

અનાદિ કાળથી જીવાત્માને માયાનું બંધન વળગી રહ્યું છે. માયાના બંધનથી મુક્ત થવા માટે એક પરમાત્માનું ચરણું જ અનિવાર્ય છે. એક ભગવાન શ્રીહરિમાં જ આસક્ત રહેવાથી માયાનું બંધન છૂટી જાય છે. માયા અનાદિ છે. આત્મા અને પરમાત્માના સત્ય સંબંધથી જ માયાને તરી શકાય છે. દેહરૂપે વરતવાથી માયાનું બંધન થાય છે. આત્મ સત્તારૂપે વર્તીએ ત્યારે પરમાત્મામાં બંધન થાય અને માયામાંથી મુક્તિ થાય છે. પરમાત્માનું બંધન અવિનાશી સુખ આપનારું છે. માયાનું બંધન જીવાત્માને માનસિક દુઃખ આપનારું છે. જીવાત્માને જગતના ભૌતિક પદાર્થમાં મોહ થાય એ જ માયાનું સ્વરૂપ છે, માયાનું બંધન છે. ભગવાનને વિશે મોહ થાય તો જગતનું સુખ દુઃખદાઈ લાગે છે. સત્ય સુખ આત્માને વિશે બિરાજતા પરમાત્માને વિશે રહ્યું છે. ક્યાંય શોધવાની જરૂર નથી. માયાથી વિરક્ત રહેવું તો જ ભગવાનના સુખનો સાચો આનંદ મળે છે. ભૌતિક જગતની માયાજાળમાંથી ઉગરવા સત્સંગ દરરોજ કરવો. સત્સંગ એ સંસાર સમુદ્રમાં મીઠી વીરડી સમાન છે. તો જ માનસિક સુખ શાંતિ રહે, શ્રીજી મહારાજને વિશે પ્રીતિ થાય તો જીવાત્માને માયિક પદાર્થમાંથી પ્રીતિ તુટી જાય, પંચભૂતથી બનેલું શરીર માયિક છે. તેમાં રહેલો જીવાત્મા દિવ્ય છે. ચૈતન્ય છે. અમાયિક છે. દેહથી જુદો છે. તેમને અને માયાને કોઈ સંબંધ નથી.

''દેહને પોતાનું રૂપ માને તો તેમાં બધાય દુઃખ રહ્યાં છે'' માટે આપણે આત્મસત્તારૂપે વર્તવું. પણ મનને કારણે તે માયાના બંધનથી દુઃખી થાય છે, માટે મનનો વિશ્વાસ ન કરવો. એક ભગવાનમાં જ વૃત્તિ રાખવી તો જ જીવને ક્લેશ ન થાય. આત્મા રૂપે રહે, તો સુખી થાય છે. જીવાત્મા દેહરૂપે તો દુઃખી થાય અને આત્મારૂપે રહેવું એ જ માયાના બંધનમાંથી મુક્તિ માટેનું સાધન છે. આત્માને ભગવાન સિવાય માયિક પદાર્થ માત્ર કાંઈ જોઈએ જ નહીં.

શ્રીજી મહારાજે માયાના બંધનમાંથી છોડાવવા માટે શાસ્ત્રો અને સત્સંગ દ્વારા જીવાત્માના મોક્ષ માટે એકાંતિક ધર્મનું સ્થાપન કરી મોક્ષ માર્ગ પ્રવર્તાવ્યો. માટે જીવાત્માએ માયાના બંધનમાંથી છુટવા સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું શરણું સ્વીકારવું.

---

# આંખો અને પાંખો વચ્ચેનું સંકલન જ્યાં હોય ત્યાં જ સત્સંગ વૃધ્ધિ થાય છે

- રમણ ગજ્જર (ભુજ)

એમ કહેવાય છે કે, ''જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ, અને જ્યાં ન પહોંચે કવિ, ત્યાં પહોંચે અનુભવી'' માણસને કોઈપણ ક્ષેત્રમાં જો નોંધપાત્ર યોગદાન આપવું હોય તો પોતાના જ્ઞાનની સાથે ખાસ કરીને યુવાનો-યુવતીઓએ, વડીલોના અનુભવોને ધ્યાનમાં લેવા જોઈએ જ. કારણ કે વડીલો તો સત્સંગની ''આંખો'' છે અને યુવાનો સત્સંગની ''પાંખો'' છે. આંખો જો સાચી દિશા નક્કી આપે તો જ પાંખો તે દિશામાં યોગ્ય રીતે દોડી શકે છે.

આમ આંખો અને પાંખો બન્નેની જરૂર છે. સત્સંગમાં બન્ને એક બીજાના પૂરક છે. વડીલોએ પણ બદલાતા સમયને ઓળખીને યુવાનો પાસે સ્નેહથી કામ કરાવવું જોઈએ. તે સામે પક્ષે યુવકો-યુવતીઓએ પણ પોતાના ડહાપણના ડોળ પડ્યા મૂકીને, વડીલોની

માન-મર્યાદા જાળવીને જો સત્સંગમાં આગળ વધે તો જ શ્રીહરિ રાજી થાય છે.

પછી આ આંખો સંત, પાર્ષદ, સાંખ્યયોગી અને હરિભક્ત કોઈપણ સ્વરૂપે હોય. આ ચારેય વર્ગમાં જો આંખો અને પાંખો હળીમળીને કામ કરે તો જ સત્સંગ વૃધ્ધિને પામે છે. આપણે એ અચૂક યાદ રાખવું જોઈએ કે, જ્યાં સંપ હોય ત્યાં જંપ (સુખ, સમૃધ્ધિ, શાંતિ) હોય. સત્સંગની એકતા, અખંડિતતા, શાંતિ સંગઠ્ઠનને જાળવી રાખવા માટે, ''આંખો અને પાંખો'' વચ્ચે સંકલન હોવું જોઈએ. સંગઠ્ઠનની તાકાત વિશ્વના કોઈપણ કઠણ કાર્યને આસાનીથી પાર પાડી શકે છે.

આજે વિશ્વભરમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની આન, બાન અને શાન જે દિનરાત વૃધ્ધિને પામી રહી છે, તેનું કારણ પણ આ ''આંખો-પાંખો'' વચ્ચેના સંકલનને જ આભારી છે.

આજે ચારેબાજુ સ્વતંત્રતાના નામે જે સ્વછંદતા, સ્વેચ્છાચાર વધતો જાય છે, તે જમાનાની હવા આપણને સ્પર્શી ન જાય તેની સાવધાની રાખવાની જવાબદારી આપણી સૌની છે. તેમ કરવામાં જો નિષ્ફળ જઈશું તો સમય-ઈતિહાસ આપણને માફ નહીં કરે અને તેના માઠા પરિણામો આપણે જ ભોગવવાનો વારો આવશે. માટે તે બાબતે આપણે જાગૃતિ રાખીએ.

દિવસભર બધું જ આપણી ઈચ્છા પ્રમાણે ન જ થાય. તેવા પ્રસંગોએ હૃદયમાં પ્રેમ અને મસ્તક પર બરફ તથા જીભ ઉપર ગોળ રાખીને સત્સંગના કામો કરવા માટે શ્રીજી મહારાજ તમને, મને અને આપણને સૌને દિવ્ય બળ, બુધ્ધિ અને શક્તિ પ્રદાન કરે.

---

# ભગવાનની બીક રાખો !

- વોરા ભારતીબેન (કેરા)

જગતમાં જીવ તો માનવીએ બનાવેલ ભોગવિલાસ - સૌંદર્યમાં આટલો બધો ખોવાઈ ગયો છે કે ભગવાનને ભૂલી ફક્ત ''પૈસો મારો પરમેશ્વર અને હું પૈસાનો દાસ'' બની ગયો. તે પૈસા ભેગા કરવા માટે તે ગમે તે કરવા તૈયાર થઈ જાય છે. ભગવાનની બીક રાખતો નથી. ભગવાનને ભજવામાં તાવ આવે છે તેને ખોટું કામ કરવામાં જરાય શરમ આવતી નથી. આવા માણસો ખોટું કામ કરતી વખતે એમ વિચારે છે કે મને કોઈ દેખતું નથી. પણ આવા માણસોને સમજાવવા સારું એક દૃષ્ટાંત લઈએ.

પૂર્વે વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે ઋષિના આશ્રમમાં જતા. ત્યાં ઋષિઓ શિષ્યને ભણાવતા અને સંસ્કારનું સિંચન કરતા. એક વખત ઋષિ તેના શિષ્યને કહ્યું, હું તમને આ સરસ મજાની પાકેલી કેરી આપું છું તે તમને કોઈ ન દેખતું હોય ત્યારે ખાવી. શિષ્યો ઘેર જઈ ગુરુએ કીધું તે પ્રમાણે કેરી ખાઈ ગુરુ પાસે આવ્યા. ઋષિ (ગુરુ) એ શિષ્યને પૂછ્યું ત્યારે એક શિષ્ય કહે હું કેરી દરવાજો બંધ કરી અંદર સંતાઈને ખાઈ ગયો. બીજો શિષ્ય કહે, ગુરુજી હું તો રાત્રે અંધારામાં કોઈ ન જુએ તેમ કેરી ખાઈ ગયો. ત્યારે ત્રીજો શિષ્ય કહે, ગુરુજી આ લ્યો તમારી કેરી. ત્યારે ગુરુજીએ પૂછ્યું, બેટા તેં કેરી કેમ ન ખાધી ? શિષ્ય કહે ગુરુજી હું જ્યારે કેરી ખાવાનું મન કરું ત્યારે આજુ-બાજુના માણસો કોઈ ન જુએ પણ ઉપરવાળો ઈશ્વર તો મને જોતો હતો માટે મેં કેરી નથી ખાધી. જોયું ને નાનો એવો શિષ્ય પણ ભગવાનને સાથે રાખતો હોવાથી ક્યારે પણ ખોટું કામ નથી કરતો. અને કરવા દેતા પણ નથી.

તેથી જ વ્હાલા બાપુઓ જ્યારે-જ્યારે ખોટું કામ તેમાં ભ્રષ્ટાચાર, ચોરી, કોઈનું છીનવી લેવું વગેરે

જેવા દુષ્ટકાર્ય કરતા હોઈએ અથવા કોઈ કરતો હોય તેને જરૂર મનમાં ધારી લેવું કે આ કામ કરતા ભગવાન તો દેખે જ છે. એવું સમજી સાચું કામ કરવું, સાચી રીતે ચાલવું. જીવનમાં ખોટું કામ ન કરવાનો ધર્મ (નિયમ) મનમાં દૃઢ કરી રાખવો.

એક ભગવાનની બીક મનમાં રાખી જીવનને આગળ ધપાવવું. સત્ય માર્ગે ચાલવું. સંત-મહાત્માનો સંગ કરવો. પ્રભુ વિશેષ ભજશું, શ્રીજી મહારાજે આપેલા શિક્ષાપત્રીરૂપી માર્ગને સંભાળીને સત્સંગ કરશું, જો ભગવાનને સાથે રાખી કામ કરતા રહેશું તો એ જ ભગવાન અંત સમયે પોતે આવી પોતાના ધામમાં લઈ જશે અને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપશે. એથી વિશેષ આપણને શું જોઈએ ? તેથી આ પ્રગટ ભગવાનને સંભાળી રાખવા.

# સુદર્શન ચક્ર

- પ્રીતિ કે. પોકાર
(ઘડાણી હાલે ભાલેજ)

સર્વ વાચકમિત્રોને જય શ્રી સ્વામિનારાયણ. સતયુગ તથા ત્રેતાયુગ તથા દ્વાપરયુગને વિશે ભગવાન પોતાના ભક્તની રક્ષાને અર્થે સુદર્શન ચક્રને મોકલતા અને તે ચક્રે કરીને ભક્તની રક્ષા કરતા અને કળિયુગને વિષે તે ચક્રને મુકીને કેમ ભક્તની રક્ષા કરતા નથી ? શું કળિયુગના ભક્ત ભગવાનને વ્હાલા નથી ? અને હળાહળ કળિયુગને વિષે ભગવાનનું ભજન કરે તેની તો ભગવાનને વિશેષ ''રક્ષા કરવી જોઈએ'' માટે કલિને વિષે ભક્તની રક્ષાને અર્થે સુદર્શન ચક્રને કેમ મોકલતા નથી ? શું કળિયુગમાં ભગવાનની વિષમ દૃષ્ટિ થઈ જે બીજા યુગમાં ભક્તની રક્ષા કરીને કળિયુગમાં ભક્તની રક્ષા નથી કરતા ? ઉત્તર કર્યો જે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન તે જ સુદર્શન ચક્ર છે ને તે ચક્રને વિષે દશ હજાર સુર્યનો પ્રકાશ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. તો જુઓને, જ્ઞાનને વિશે પણ એટલો પ્રકાશ છે કેમ કે જીવના હૃદયમાં અજ્ઞાનરૂપી અંધારું છે તે ચંદ્રમાં તથા સૂર્ય તથા પ્રલયકાળનું મહાતેજને કોઈ જીવના હૃદયમાં અજ્ઞાનરૂપી અંધારાને ટાળવાને સમર્થ નથી. તે અંધારાને જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર કાઢી નાખે છે. તે જુઓ દશ હજાર સૂર્ય કરતાં પણ અધિક પ્રકાશ છે અને સુદર્શન ચક્ર સતયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગને વિશે ભગવાનના ભક્તની રક્ષા કરતું ને આજ કળિયુગને વિશે તે સુદર્શન ચક્ર તેનું જે તેજ તે રક્ષા કરે છે ત્યારે કહેશો તે કેવી રીતે રક્ષા કરે છે. તો તે કહીએ છીએ.

જ્યારે પ્રભુના ભક્ત હોય તેના હૃદયમાં કામ, ક્રોધ, લોભ, મોહ આદિ ભૂંડા ઘાટ બંધાય છે ત્યારે તે ભક્તને એવો વિચાર થાય છે જે મને ભગવાન પુરુષોત્તમ નારાયણ મળ્યા તે હું એવો લોભ મૂકીને ભગવાનના વચનને લોપીને કુમાર્ગે કેમ ચાલું ? એવો ભગવાનના નિશ્ચયયુક્ત વિચાર થાય છે. ત્યારે ભૂંડા ઘાટ ટળી જાય છે.

માટે ભક્તજનના શત્રુ તથા રાક્ષસ તો કામ, ક્રોધાદિક તે થકી રક્ષા પણ જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર તે કરે છે. માટે કળિયુગને વિશે જો ભગવાન સુદર્શન ચક્ર મોકલીને અંબરિશ રાજાની પેઠે રક્ષા ન કરતા હોય તો તેથી સત્સંગના વર્તમાન પણ પળે નહીં ને પ્રભુનું ભજન પણ થાય નહીં. કેમ જે કામ, ક્રોધાદિક તો એવા બળિયા છે તે બ્રહ્માદિકની પણ લાજ લીધી છે. તો આ જીવનો શો ભાર છે ?

માટે ભગવાન પોતાના ભક્તોની જ્ઞાનરૂપી સુદર્શન ચક્રે કરીને સર્વે કાળને વિશે રક્ષા કરતા આવે છે અને આજ પણ જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર કરીને પોતાના ભક્તની રક્ષા કરે છે. માટે ભગવાને સ્વરૂપ નિશ્ચયે કરીને, સમર્પણ ભાવે વળગી રહેવું. તો ચક્ર, શંખ, ગદા અને પદ્મ જેના હાથમાં છે એવા શ્રી નરનારાયણદેવ આપણી સર્વ પ્રકારે રક્ષા અને સર્વ રીતે સુખી અને સમૃધ્ધ કરશે.

## *ભગવાનના ભક્ત બનતાં પહેલાં*

# ચલો બને હમ ઈન્સાન

- નારણ હાલાઈ
(કોડકી)

ચાંદની કહેતી હૈ, તુ ચાંદ બન,
આરતી કહેતી હૈ તુ ભગવાન બન
ન તુ ચાંદ બન ન ભગવાન બન,
જિંદગી કહેતી હૈ અચ્છા ઈન્સાન બન.

ભક્ત બનતાં પહેલાં આપણે ઈન્સાન બનવું પડશે. ભક્ત એ શિખરની ટોચ છે. તો ઈન્સાન એ તળેટી છે. ઈન્સાન બન્યા વિના ક્યારેય ભક્ત બનવામાં સફળતા મળતી નથી. હે માનવ ! તું માનવ બન ! મહાન બનવા માટેની પ્રથમ શરત છે તું માનવ બન. કહ્યું છે માત્ર માનવ ને માનવ બનવાનું !!! માનવના ખોળિયાને વફાદાર રહેવાનનું અને હા, પશુ, જગતમાં પશુઓએ પશુની જાતને જેટલું નુકશાન પહોંચાડ્યું નથી એના કરતાં માનવે માનવજાતને અને પશુજાતને વધુ નુકશાન પહોંચાડ્યું છે. કતલખાનાનું સર્જન કરનાર કોણ ? અણુ શોધી અણુબોંબ બનાવનાર કોણ ? હિંસક હથિયારો બનાવનાર કોણ ? માનવ જ ને ? માનવજાતે માનવજાતને ભયભીત બનાવી છે. કોઈ પશુએ આજદિન સુધી પશુને મારવા કે રંજાડવા કોઈ અણુબોંબ કે કોઈ હથિયાર શોધ્યા નથી, બુધ્ધિને કુબુધ્ધિમાં ફેરવી નથી. માનવજાતે પોતાની ઈન્સાનિયતને નેવે મૂકી દીધી છે. તમે માનવતાના ગુણોથી જ વંચિત હશો તો ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા પ્રથમ પ્રકરણ ૬૨ માં વચનામૃતમાં બતાવેલ ભગવાનનાં ગુણો તમારામાં ક્યાંથી આવશે ? ભગવાનને યાદ કરનારને શાસ્ત્રોએ એટલું જ કહે છે, 'તું પહેલા ઈન્સાન બન'.

ઈન્સાન કો ઈન્સાન બનાયા જાય,
યા કોઈ નયા ભગવાન બનાયા જાય.

આજે પરમાત્માની ધૂન બોલનારા પરમાત્માની શોધ કરનારા અને ભગવાનના મંદિરે જઈ પોતાની જાતને ભક્ત ગણનાર, સંતો પાસે બેસી સજ્જન ગણી લેનારા, માનવીઓ બહારથી જુદા છે અને અંદરથી કંઈક નાટકો ખેલે છે એ પાર્ટીમાં જુદા મૂડમાં હોય છે. એ ક્લબોમાં જુગારના મૂડમાં હોય છે, ઘરમાં કંઈક દેખાવો કરીને જીવે છે. બજારમાં તો કંઈક નવું જ મોડેલ બની જીવે છે. પ્રાર્થનાસભામાં કે બેસણામાં સાક્ષાત લાગણીશીલ ઉદાસ રહે છે. 'બંધ કરો' આ નાટકો અને કૃત્રિમતાની ઓઢેલી ચાદરો ને ઉઘાડી ફગાવી દો વાસ્તવિક જીવન જીવવા માટે તૈયાર બનો. છોડો દંભને.

દિલમાં છળકપટ છે ત્યાં લગી વ્યવહાર શોભતો નથી,
માનવ સંબંધ વગર કોઈ તહેવાર શોભતો નથી,
મનથી ભલેને બેઠા છો મહારાજા બનીને,
પણ લાયકાત વિના ગળામાં હાર શોભતો નથી.

પંખીઓએ માળા બાંધ્યા છે પણ માળામાં તાળાં માર્યા નથી. આપણે તાળાં મારીને જીવીએ છીએ. કોઈ આવીને ચોરી કરી જશે હાય ! માનવે જ માનવજાતનું અહિત સર્જ્યું. કોર્ટને જન્મ આપ્યો, જેલ બનાવી. યાદ રાખો સૃષ્ટિનું જેટલું ખરાબ થાય છે તે માનવજાતની ભેટ છે. આપણે જ આ સૃષ્ટિને અનર્થોથી અભડાવી છે. સૂર્ય નિયમિત, ચંદ્ર નિયમિત, પશુપંખીઓ નિયમિત. પુષ્પો નિયમિત છે. પણ હાય ! માનવી એક જ એવો કે ઉઠવાનું નક્કી નહીં. સુવાનું તો ભગવાન જાણે, ખાવાનું ભૂખ લાગે ત્યારે નહીં. સમય થાય ત્યારે. શું કરુણતા ! તેથી એક સંતે કહ્યું છે, કાળા કાળા વાદળનાં જિગરમાંય તે સુજનતા આપી, પથ્થર જેવા પથ્થરમાંય તે ગંગા આપી, આવા નિયમિતતાવાળા દશ્યોને પ્રભુ ! મૂંગા રાખ્યા, અને

અક્કલ વિનાના માણસોને તેં વાચા આપી. સંતો માનવીને પૂછે છે, હે માનવ ! તારો વ્યવહાર કુદરતના તત્ત્વો જેવો છે કે કૃત્રિમતાસભર છે ? આપીને ખાય છે કે કોઈનું પડાવીને ખાય છે ? તારા સુખમાં કોઈનો ભાગ છે કે કોઈના સુખમાં ભાગ પડાવવાની દાનત છે ? હાય ! કુદરતના તત્ત્વોથી પણ ઉતરતો માનવી ! અને એને ભક્ત બનવાની ઈચ્છા છે. ક્યાં જીવન અને ક્યાં ઈચ્છા !

તમે જીવો એવું કે જેનાથી કોઈ જીવવાની પ્રેરણા મળે. આપણું જીવન એક ગ્રંથ છે. જે કોઈ વાંચે અને તેને કંઈક જાણવા મળે. જીવવાની કળા મળે. ઘરમાં અને સમાજમાં માનવ બનીને જીવતાં શીખો. જો દરેક સંકલ્પ કરે કે મારે ઈન્સાન બનવું છે તો આ સમાજની શકલ બદલાયા વિના ન રહે, યાદ રહે, આ સમાજને માનવ બનાવે છે અને માનવ બગાડે છે.

ખીલીને પુષ્પો સુવાસ આપે છે,
વહીને નદી નિર્મળતા આપે છે,
ઉગીને સૂર્ય સૃષ્ટિને પ્રકાશ આપે છે,
વિચરીને જીવોને સંતો સુખ-શાંતિ આપે છે,
ઓ માનવી ! મારે તને પૂછવું છે,
જીવીને તું જગતને શું આપે છે ! 'ત્રાસ'

સિકંદર અને હિટલરે પ્રજાને ત્રાસ આપવામામં બાકી ન રાખ્યું માટે તો તેમનો કાળો ઈતિહાસ લખાયો. 'ત્રાસ' આપનારના ઉજળા ઈતિહાસ ક્યારેય લખાયા નથી.

'હાશકારો' પમાડનારાના ઉજળા ઈતિહાસ લખાયા છે. આવો આપણે માનવ મનખાને માનવતાના આભૂષણથી શણગારી ઉજળો ઈતિહાસ આલેખી જઈએ.

'તારા જીવનથી કોઈનું જીવન બની જશે,
તારા સૂચનથી કોઈનું સર્જન થઈ જશે,
હશે જો માનવી ખુદ તારામાં ઉણપ તો,
કાંટા તો શું ફૂલ પણ દુશ્મન થઈ જશે'

ખોરાકમાં ભેળસેળ કરનારા આપણે, ધંધામાં અનીતિ આચરનારા આપણે, માલમાં અદલો-બદલો કરવામાં કુશળ આપણે, કોઈનું પડાવી લેવા આતુર આપણે, ભાઈ-ભાઈ વચ્ચે કોર્ટ સર્જનારા આપણાં સિવાય બીજું કોણ છે ?

મસ્ત બન જાત યે જિંદગાની,
યદિ કસૂર મેરા મુજકો દીખાયા દેતા,
લેકીન મજબૂરી હૈ યે મેરી,
કી મૂર્ખ અપનાપન અચ્છા લગતા હૈ.

જો આપણે જ સુધરી જઈએ, આપણે જ ઈન્સાન બની જીવવાનું ચાલુ કરીએ તો ક્યાં કોઈ ભેળસેળનો પ્રશ્ન જ છે ! યાદ રાખજો, અણુબોંબથી શાંતિ નહીં સ્થપાય, શાંતિ સ્થાપવી હશે તો અણુવ્રતધારી (સંયમી) બનવું પડશે. માનવજન્મના વખાણ શાસ્ત્રોએ અને કવિઓએ કર્યા છે, વાંચીએ નાઝિર દેખૈયાની પંક્તિ !

જો જો ગુમાવશો ના એતબાર માનવીનો,
એળે ન જાય જો જો અવતાર માનવીનો,
એવું અમૂલ્ય જીવન તુજને મળ્યું છે જગમાં,
જ્યાં કિરતાર ખુદ ધરે છે અવતાર માનવીનો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ ખગોળ-ભૂગોળના વચનામૃતમાં માનવજન્મનો ભારોભાર મહિમા બતાવ્યો છે સાથે દુર્લભતા પણ બતાવી છે. તેની પાછળનું મૂળ કારણ માનવ-ભવમાં માનવતા લાવી માનવ મહાન બની શકે છે. તો કમસે કમ જે ખોળિયામાં રહીએ છીએ તેને અભડાવશો નહીં. હિસંક ચીજવસ્તુઓ ખાઈને પેટને કબર બનાવશો નહીં. બીજાની ઈર્ષા-અદેખાઈ કરી તમારા પતનની ખાઈ ખોદશો નહીં. આટલું કરવા પ્રયત્ન કરીશું તો પણ ઈન્સાન બની ભક્ત બનવામાં સફળ બની શકીશું. અંતમાં આપણે સૌ સાથે મળી પ્રભુશરણે નતમસ્તક બની સંકલ્પ કરીએ કે હમ સચે ઈન્સાન બને.

- ભરતભાઈ એસ. મજેઠીયા
(ભુજ)

# દીપાવલીનો સાચો આનંદ

ભારત ઉત્સવ પ્રિય દેશ છે. અહીં અનેક ઉત્સવો-પર્વો ઉમંગે ઉજવાતા હોય છે. ઉત્સવો પાછળ ભાવનું મહત્ત્વ છે, ઉત્સવોની મૂકવાણી આપણને જીવન વિકાસમાં ઉપયોગી એવા સંદેશાઓ આપે છે. સાચી દિશા બતાવે છે, ઉત્સવો એક ઉત્કર્ષ માર્ગદર્શક અને ભોમીયાની ગરજ સારે છે.

દિપોત્સવી પર્વ એ પ્રકાશનું પર્વ છે, મંગલ પર્વ છે, હિન્દુઓના બધા તહેવારોમાં દિપાવલીનું મહત્ત્વ એની લોકપ્રિયતા અને વ્યાપકતા સૌથી વિશેષ છે. આ રાષ્ટ્રીય તહેવારને દિવસે અસંખ્ય દીપિકાઓ, રંગીન બલ્બ, દીપમાળાઓને લીધે અમાવાસ્યના ગાઢ અંધકારને શરદ પૂર્ણિમામાં પલટાવી નાખે છે. આપણાં દેશની એક એક વ્યક્તિ આ દિવાળીના તહેવારનો આનંદ અને ઉલ્લાસ અને વિજયના પ્રતિકની સાથો સાથ આર્થિક તેમજ પ્રગતિ સૂચક માને છે.



આમ તો આ પર્વનું અનેક રીતે મહત્ત્વ છે. એ દિવસે ભગવાન શ્રીરામ રાવણ પર વિજય મેળવીને અયોધ્યા સિંહાસન પર સત્તારૂઢ થાય છે. ક્ષીર સાગર મંથનમાંથી એ દિવસે લક્ષ્મીજી અવતીર્ણ થયા છે અને ભગવાન વિષ્ણુને પતિરૂપે વરણી કરી એ દિવસે ભગવાન વામન દૈત્યરાજ બલીને પાતાળનું રાજ્ય દીધું હતું. જેથી પ્રસન્ન થઈને ઈન્દ્રે ઘીનો દીવો પ્રગટાવી દિવાળી મનાવી, એ જ દિવસે રાજા વિક્રમાદિત્યે પોતાનું સંવત શરૂ કરવાનો વિચાર કર્યો હતો. દિવાળીના લક્ષ્મીજીની અસીમ કૃપાથી લોકો ખૂબ જ શ્રધ્ધાથી એમનું પૂજન તથા ચોપડાપૂજન પણ કરે છે. ઘરોને શણગારે છે, શુભ મુહૂર્તમાં વિધિપૂર્વક પૂજન કર્યા પછી મંદિરે દર્શન જઈને પછી પરિવાર સાથે મળી હેત પ્રેમથી પ્રસાદરૂપ સ્વાદિષ્ટ ભોજન લે છે અને ફટાકડા ફોડે છે.

દીપાવલીની જ્યોતિ આપણને ચેતવણી આપી રહી છે જેવી રીતે બહાર દીપની જ્યોતિ ફેલાઈ રહી છે. તેવી જ રીતે અંતઃકરણની જ્યોતિથી આંતિરક અજ્ઞાન નષ્ટ થઈને પરમાત્માનું જ્ઞાન થઈ જાય છે. તેથી હૃદયમાં રહેલા અજ્ઞાનના નાશને માટે અંદરની જ્યોતિ જગાવવી જોઈએ.

દિવાળીએ લોકો એકબીજાને સગા-સંબંધીઓનો શુભ સંદેશ શુભેચ્છાઓ, રિધ્ધિ-સિધ્ધિ, યશ, કીર્તિ અને સાંસારિક સુખો પ્રાપ્ત થાઓ તેવા અભિનંદન પાઠવે છે અને દિવાળી ભારે ઉત્સાહ અને ઉલ્લાસથી મનાવે છે.

સ્વામિનારાયણ સંપ્રદાય સત્સંગિજીવન અધ્યાય-૯૨ માં આસો માસની અમાસ જે દિવાળી તે દિવસે ઠાકોરજીને અતિ સુંદર વસ્ત્રો અને દાગીના અર્પણ કરવા, સાંજને સમયે પૂજા કરવી સાથે લક્ષ્મીપૂજન પણ કરવું, ખૂબ દીવા પ્રગટાવવા, લક્ષ્મીપૂજામાં જલેબી, સુતરફેણી, નાગરવેલનું પાન ખાસ અર્પણ કરવું. પછી ચોપડાપૂજન અને આરતી કરીને લક્ષ્મીપૂજનમાં કીર્તન બોલવા.

આ પરંપરા આપણા ભુજ સ્વામિનારાયણ મંદિરમાં પણ વર્ષો વર્ષ ભારે ઉત્સાહથી ઉજવાય છે અને સમગ્ર કચ્છ શ્રી નરનારાયણદેવ તથા સંતોના દર્શને ભુજ આવે છે અને નવા વર્ષની શુભ શરૂઆત કરે છે.

# દુઃખના બેલી બલિહારી

- રમીલા ડી. જોધાણી
(ભક્તિનગર)

શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જયજયકાર થતો હતો તો એવા કેટલાક આસુરી અંશવાળા જીવો બળી મૂવા. એક વખત ભગવાને મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી કે અમદાવાદ જાઓ અને સંતોને સંસ્કૃત ભણાવો. પણ એ વખતે અમદાવાદમાં રહેવું ક્યાં એ મુશ્કેલી હતી. પણ સંતોએ રહેવા માટે એકાંતસ્થળ મુક્તાનંદ સ્વામીએ શોધી કાઢ્યું. સાબરમતીને કિનારે એક દરિયાવખતનો ઘુમ્મટ છે. સંતોને થયું કે આ સ્થળ ભણવા માટે સારું છે. સંતો વાળી-ઝૂડીને સાફસૂફ કરી નાખ્યું. એવી વેરાન જગ્યા હતી. એ વખતે ભિક્ષામાં બુંદી કે લાડુ જલેબી નહોતા મળતા. એ સમયમાં ભગવાનની આજ્ઞા બહુ કડક હતી.

ભગવાને કહેલું કે ભિક્ષામાં લોટ આવ્યો હોય તે લોટ, દાળ, ચોખા, જુવાર બધું જ ભેગી કરી નાખવાનું અને ગોળા વાળીને જમવાનું. કાચા લોટમાં દાળ, ચોખા આવે એટલે કચડ કચડ થાય. અત્યારે આપણને આવું ભાવે ? દાળ અનાજમાં એમાં શું સ્વાદ હોય ! બોલો ભક્તો આવી કઠણાઈઓ કોણ સહન કરી શકે ? વળી, પાછું ઘુમ્મટમાં ઉજ્જડ વિસ્તારમાં રહેવાનું, ભજન, ભક્તિ અને સંસ્કૃત ભણવાનું. પણ આવા તીવ્ર તપની કથા તો લક્ષમાં રાખો ! સંતો દ્વારા પ્રચારિત સત્સંગનો પ્રભાવ અમદાવાદ શહેરમાં વધવા માંડ્યો અને ઈર્ષાળુઓની ઈર્ષા વધવા લાગી અને વળી, બોલે કે આ મુક્તાનંદ સ્વામીનું કંઈક કરી નાખીએ તો થાય. આ બધા સાધુઓને પ્રસાદનો મહિમા છે. પ્રસાદ આપીએ એટલે બધું સ્વીકારે. આવું મહાભયંકર કાવત્રું રચીને કોઈ વસ્તુમાં ઝેર ભેળવીને સંતો પાસે લઈ આવ્યા. એ પ્રસાદી તો હતી જ નહીં અને બીજું ચંદનમાં ઝેર ભેળવીને લાવ્યા. એવું હળાહળ ઝેર હતું કે ચામડી દ્વારા લોહીમાં પ્રવેશી જાય અને મૃત્યુ થઈ જાય.

આવી વસ્તુ સંતો પાસે લઈ આવ્યા. બે ચાર જણ આવ્યા અને કપટથી નમસ્કાર કરી જય શ્રી સ્વામિનારાયણ બોલ્યા. સ્વામીએ તો ભાવથી આવકારો આપ્યો. પછી કપટી બોલ્યા કે અમારા ઘરે પૂજા રાખી હતી એટલે આ પ્રસાદ લાવ્યા છીએ. આપ કૃપા કરી સ્વીકારો. સ્વામી કહે, અત્યારે અહીં રાખો, બધા સંતો ભેગા થશે ત્યારે જમીશું અમે દિવસમાં એક જ વાર જમીએ છીએ. ભગવાની ઈચ્છાથી સ્વામીએ આવો જવાબ આપ્યો.

ત્યારપછી દુષ્ટ ઈરાદાવાળાઓએ ચંદનમાં હળાહળ ઝેર ભેળવેલું હતું તે એક પાત્રમાં લઈ આવીને બોલ્યા, અમને તમારી અને સંતોની પૂજા કરવી છે, આજ્ઞા આપો. સ્વામીએ રજા આપી એટલે ચામડીના છિદ્ર દ્વારા જે લોહીમાં દાખલ થઈ જાય. આવા ઝેર ચંદનમાં આંગળી બોળી સ્વામીના લલાટે લગાવ્યું. સ્વામીની ભગવાને રક્ષા કરી. કોઈ કષ્ટ ન થયું. પરંતુ જેણે ચંદન લગાડ્યું હતું તેની આંગળી ખરી ગઈ.

સંતોએ કેટલો ત્રાસ વેઠ્યો હશે ! કેવા દુઃખ વેઠ્યા હશે ! આવી પરિસ્થિતિ વચ્ચેથી સંતોએ આપણને સુખ-શાંતિ અને સમૃધ્ધિ આપ્યાં છે. ભક્તો સંતોના દુઃખમાં તો આપણે કેટલા સુખી છીએ ! જરા વિચાર તો કરજો.

એવું હળાહળ વિષ ભારી, તેથી મુક્તને લીધા ઉગારી,
એમ શ્રીહરિએ કરી સાર, મુક્તાનંદજીની વાલે વાર.

હે મહારાજ, આવા સાચા સંતોની રક્ષા કરજો !!

## શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ : વિવિધ ઉત્સવો

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

***:: શ્રી ક. સ. સ્વા. મંદિર (નૈરોબી) ના વાર્ષિક પાટોત્સવ નિમિત્તે સપ્તાહ પારાયણ ::***

શ્રી નરનારાયણદેવ મંદિર, ભુજ-કચ્છ તાબાના શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર (નૈરોબી) ના ૫૭ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ભુજ મંદિરે કથા સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું. નૈરોબી મંદિરે કથા સપ્તાહ પારાયણ સાથે દરેક પાટોત્સવ પ્રસંગે ભુજ મંદિરે પણ કથાનું આયોજન કરવામાં આવે છે.

વાર્ષિક પાટોત્સવનો દિવસ આશ્વિન શુક્લ ૧૫, મંગળવાર, તા. ૧૧-૧૦-૧૧ ના રોજ હતો. કથાનું આયોજન ૫-૧૦-૧૧, આશ્વિન શુક્લ નવમી, બુધવારથી તા. ૧૧-૧૦-૧૧ આશ્વિન શુક્લ ૧૫, મંગળવાર, શરદપૂર્ણિમા - કોજાગર વ્રતની પૂર્ણિમાના સપ્તાહ દરમ્યાન કરવામાં આવ્યું.

સપ્તાહ દરમ્યાન સ.ગુ. આધારાનંદ સ્વામીએ રચેલ ''શ્રી હરિચરિત્રામૃતસાગર'' શાસ્ત્રની કથાનું ભુજ મંદિરના વિદ્વાન પુ. સ્વામી હરિમુકુન્દદાસજીએ તથા પુ. સ્વામી દેવવિહારી દાસજીએ હરિભક્તોને વિવેચનપૂર્વક દૃષ્ટાંતો તથા વ્યવહારિક ઉદાહરણો આપી શ્રવણ કરાવ્યું. પુ. સ્વામી હરિમુકુન્દદાસજીએ રમુજી દૃષ્ટાંતો સાથે રમુજની લહેર વહેતી મૂકી શ્રોતાઓના ચહેરા રમુજના હળવા આનંદથી ખુશ કરી દીધા. સ્વામી દેવવિહારીદાસજીએ કથા પ્રસંગોને યથાયોગ્ય વિવરણ સાથે સમજાવી કથાવસ્તુનો અંતરમાં ઉપભોગ કરાવ્યો.

કથાના દરરોજના યજમાન નીચે પ્રમાણે રહ્યા.

*દિવસ–૧ :* (૧) અ.નિ. લાલજી હરજી રાબડીયા પરિવાર-કેરા હ. ધનજીભાઈ (૨) દેવજી કુંવરજી ભુવા (સેવક)-કેરા હ. સુત ખીમજીભાઈ, દેવજીભાઈ (૩) દેવશીભાઈ રત્ના હીરાણી-માનકુવા (૪) હરીશભાઈ ગોવિંદ વેકરીયા-માનકુવા.

*દિવસ–૨ :* (૧) અ.નિ. ધનજી દેવજી કાબરીયા-ગોડપર (પ્રેમબાઈ) (૨) અ.નિ. માવજી દેવજી હીરાણી-સુરજપર (શિવજી રામજી) હ. સુત લાલજી (૩) ખીમજી ભીમજી શીયાણી-મીરજાપર (૪) રામજી શામજી હીરાણી હ. સુત મનજીભાઈ-રામપર.

સંસ્થા સમાચાર

*દિવસ–૩ :* (૧) પ્રેમજી શિવજી ગોંડરીયા-કોડકી, શિવજીભાઈ (૨) પ્રેમજી માવજી હીરાણી, હ. સુત રાજેશ-કોડકી (પ્રેમજીભાઈ) (૩) પ્રેમજી મેઘજી વેકરીયા હ. સુત પરબતભાઈ, નારણભાઈ, પુત્રી પ્રીતિબેન-બળદિયા (૪) મનજી આણદા કેરાઈ હ. કુંવરજીભાઈ-બળદિયા. (મનજી બાપા)

*દિવસ–૪ :* (૧) કેશરા વાલજી જેસાણી-બળદિયા (૨) વાલજી કરસન હીરાણી-બળદિયા. (લાલજી કુંવરજી મેઘાણી) (૩) જેઠાભાઈ નાથા હીરાણી હ. સુત દેવશી તથા કરસન-બળદિયા. (જેઠાભાઈ) (૪)

કરસન કાનજી વાલાણી હ. સુત કેશરાભાઈ-બળદિયા. (કરસનભાઈ).

*દિવસ–૫ :* (૧) કુંવરજી લાલજી ગોરસીયા-દહીંસરા (કુંવરજીભાઈ) (૨) અરજણ કરસન કેરાઈ-નારાણપર. (અરજણભાઈ) (૩) વિશ્રામ મુરજી હીરાણી-સુરજપર (વિશ્રામભાઈ) (૪) હરજી કલ્યાણ રાબડીયા હ. કલ્યાણભાઈ-વાડાસર (હરજીભાઈ).

*દિવસ–૬ :* હીરજી શામજી વેકરીયા-બળદિયા (શિવજીભાઈ) (૨) કેશરા શામજી વેકરીયા-બળદિયા (શિવજીભાઈ) (૩) ધનજી નારાણ રાઘવાણી-બળદિયા (નારાણ પરબત) (૪) વાલજી કરસન રાબડીયા-બળદિયા (કરસન માવજી).

*દિવસ–૭ :* શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર (શ્રી ન. ના. મંદિર ભુજ-કચ્છ તાબાનું)-નૈરોબી.

કથા સમાપ્તિ પ્રસંગે પુ. સ્વામી શ્રીપ્રકાશ દાસજીએ કથાસભાનું સંચાલન કરતાં નૈરોબી ક. સ. સ્વામિ. મંદિરની તથા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે યોજવામાં આવેલ કથા પારાયણની વિગતો રજુ કરી. મંદિરના શા. મહેશભાઈએ યજમાનશ્રીઓ દ્વારા કથા સમાપ્તિનું પૂજન કરાવ્યું અને યજમાનશ્રીએ આરતી ઉતારી.

તે પછી ગામ મેઘપર નિવાસી વયોવૃધ્ધ વડીલ પ.ભ. નારણભાઈ રવજી પિંડોરીયાએ પોતાના અનુભવના નિચોડ રૂપે નૈરોબી મંદિરનો વિકાસ અહેવાલ રજુ કર્યો.

ભુજ મંદિરના કોઠારી પ.ભ. રવજીભાઈ માવજી ભુડિયાએ ૧૯૬૨ ની સાલમાં પોતે નૈરોબી ગયેલા ત્યારે જોયેલી મંદિરની પરિસ્થિતિ અને તે પછી ૧૯૬૯ થી આજ સુધીની વિકાસગાથાની ચર્ચા કરી.

ભુજ મંદિરના કોઠારી પાર્ષદ પ.પૂ. જાદવજી ભગતે પોતે નૈરોબી ગયા નથી પરંતુ ભુજથી નરનારાયણદેવ મંદિરેથી નૈરોબી મંદિર બનાવવામાં જે કાર્યવાહી થઈ તેનો સક્રિય સેવા આપવાનો તથા સાક્ષીરૂપે કરેલા અનુભવની વિગતો આપી હતી. મોકલવાના માલનાં પોટલાં તૈયાર કરી ખભે ઊંચકી મોકલાવતા વગેરે રસપ્રદ હકીકતો તથા સ.ગુ. મહંત સ્વામી શ્રીવલ્લભદાસજી, સ.ગુ. શા. મહંત સ્વામી ધર્મજીવનદાસજી, સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી આદિક સંતોએ લીધેલી જહેમતનું શબ્દચિત્ર રજુ કર્યું હતું.

કોઠારી પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપ દાસજીએ ઉપસ્થિત હરિભક્તોને પ્રસાદ લેવા અનુરોધ કર્યા પછી મહામંત્રની ધૂન સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

*:: શ્રી સરસ્વતીપૂજનનો શારદી મહોત્સવ ::*

આશ્વિન સુદ ૭, સોમવારથી સુદ ૧૦, મંગળવાર સુધી પ્રતિ વર્ષ ઉજવવામાં આવતો શરદઋતુનો શ્રી સરસ્વતીદેવીની ભક્તિપૂજાનો મહોત્સવ ઉજવવામાં આવ્યો.

શ્રી સરસ્વતી માતાની સ્થાપના માટે શાસ્ત્રનાં પુસ્તકોનું ભવ્ય મંદિર નરનારાયણદેવના નિજ મંદિર આગળ કોડી વિભાગમાં રચવામાં આવ્યું હતું. જેના મધ્ય ખંડમાં શ્રી સરસ્વતીદેવીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. તે સાથે બન્ને બાજુના ખંડોમાં શ્રીહરિની સ્વરૂપ મૂર્તિઓનું સ્થાપન કરવામાં આવ્યું. શિખરસ્થાને શિક્ષાપત્રીએ શોભા ધારણ કરી હતી.

આસો સુદ ૭, સોમવારના દિવસે સરસ્વતીદેવીનું આવાહન કરવામાં આવ્યું. સુદ ૮ ના રોજ પૂજન કરવામાં આવ્યું. સુદ ૯ ના રોજ સૂકોમેવો, ફળ, શર્કરા આદિ સાત્વિક વ્યંજનો અર્પણ કરી અહિંસક સાત્ત્વિક બલિ (ભોગ) ધરવામાં આવ્યો.

સુદ-૧૦ ના દિવસે પૂજન આરતી સાથે વિસર્જન કરવામાં આવ્યું.

દરરોજની શાસ્ત્રોક્ત પૂજનવિધિ આરતીની વિધિ પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ વિદ્યાર્થી સંતો તથા યજમાનશ્રી દ્વારા સંપન્ન કરાવી હતી.

### :: શરદપૂનમ મહોત્સવ ::

આસો સુદ ૧૫, તા. ૧૧-૧૦-૧૧, મંગળવાર, શરદપૂનમની રઢિયાળી રાત્રિએ મંદિરના પટાંગણમાં દમામદાર શારદોત્સવની ઉજવણી કરવામાં આવી. સંતો, હરિભક્તો, કચ્છ શ્રી ન. ના. દેવ યુવક મંડળના તેજીલા યુવાનો, કીર્તનકારો, સંગીતકારો તેમજ અલગ વિભાગમાં સાં.યો. બહેનો, કર્મયોગી બહેનો આદિકે ઉપસ્થિત રહી કાર્યક્રમને જીવંત અને મોહક બનાવી દીધો.

ઠાકોરજીને સુંદર વાઘા અને સુવર્ણ અલંકારોથી શણગારવામાં આવ્યા હતા. નીતરતી ચાંદનીમાં જાણે રજતમઢ્યા મંદિરના ચોકમાં શ્રીહરિની મંગલસ્તુતિ સાથે કાર્યક્રમ શરૂ થયો. ઓરકેસ્ટ્રાના સૂરો સાથે સંગીતને સથવારે કીર્તનોની રમઝટ જામી. કીર્તન રસીયા પણ તાલીઓના તાલ સાથે તલ્લીન બન્યા. રાસના કાર્યક્રમમાં યુવાવર્ગ સાથે પૂ. સંતો તથા કિશોર, કુમારોએ પણ રંગભરી રમતનો રંગ રાખ્યો. ચાપલ્ય અને સ્ફૂર્તિનો અહેસાસ કરાવી પ્રેક્ષકોને દંગ કરી દીધા.

પૂનમના વ્રતધારી બહેનોએ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સૌની સાથે કાર્યક્રમનો આનંદ માણ્યો.

ઠાકોરજીને ધરાવવામાં આવેલ દૂધપૌંઆના પ્રસાદ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

યજમાનપદ : અ.નિ.સ.ગુ. મહંત પુ. સ્વામી હરિસ્વરૂપદાસજીની પુણ્યસ્મૃતિમાં ગામ માંડવીના પ.ભ. પ્રવીણભાઈ લાલજી હીરાણી તથા સુરેશભાઈ લાલજી હીરાણી પરિવાર. પ્રેરક પુ. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી.

ધજારોપણ : આશ્વિન શુક્લ પક્ષની એકાદશીએ મંદિરના શિખરો ઉપર નૂતન ધજાઓ આરોપવામાં આવી. શણગાર આરતી પછી ધજાઓની પૂજનવિધિ કર્યા પછી યજમાનશ્રીઓએ મંદિરનાં શિખરો ઉપર ધજાઓનું આરોપણ કર્યું હતું.

### :: યુનિવર્સિટીની પરીક્ષામાં સિધ્ધિ ::

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપા તથા ભુજ મંદિરના સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતોના આશીર્વાદથી ભુજ મંદિરના પુ. સ્વામી શૌનકમુનિદાસજી ગુરુ શા. સ્વામી સૂર્યપ્રકાશ દાસજીએ ગુજરાત યુનિવસીર્ટીની એમ.કોમ. પાર્ટ-૧ (અંગ્રેજી માધ્યમ) ની પરીક્ષામાં સારા ગુણાંક મેળવીને ભુજ મંદિરનું શૈક્ષણિક ક્ષેત્રે નામ રોશન કર્યું છે. તેઓ આવી જ રીતે આગામી એમ.કોમ. પાર્ટ-૨ ની પરીક્ષામાં પણ જ્વલંત સફળતા મેળવે તેવી શુભકામના.

### :: દીપોત્સવી મહાપર્વ મહોત્સવ ::

ભગવાન રામચંદ્રજીને હાથે રાવણનો વધ થયો અને રામ વિજય પામી સીતાજીને લઈ પુષ્પક વિમાનમાં અયોધ્યા પધાર્યા. ૧૪ વર્ષના વનવાસ પછી પ્રભુને હર્ષઘેલી પ્રજાએ વધાવી લઈ મહોત્સવ મનાવ્યો. રાત્રે ઘેર ઘેર દિવારોશનીના શણગાર થયા. આ સોમાસની અંધારી રાત પ્રકાશથી ઝળહળી ઊઠી. આસો વદ અમાસની આ દિવાભરી રાત એટલે દિવાવાળી રાત, દિવાળી-દીપોત્સવી.

દીપોત્સવીનો તહેવાર પરંપરાગત બની ગયો અને આજે સમાજમાં તેમજ આપણાં મંદિરોમાં દર વર્ષે ઉજવાય છે. ઉત્સવ ધનતેરસથી નૂતનવર્ષ અન્નકૂટોત્સવ સુધી ઉજવવામાં આવે છે. ભુજ મંદિરમાં, દીપોત્સવી મહોત્સવ કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા સ્વામી

ઘનશ્યામસેવક દાસજીની યાદી મુજબ નીચે પ્રમાણે ઉજવવામાં આવ્યો.

તા. ૨૪-૧૦-૧૧, સોમવાર, આસો વદ, ૧૨ ના ધનતેરસનો તહેવાર ઉજવાયો. મંગળા આરતીનો સમય સવારે ૫:૩૦ અને શણગાર આરતીનો સમય સવારે ૬:૪૫ નો રહ્યો. ઠાકોરજીના અલંકારો વિધિવત યથાયોગ્ય ધોઈ ઝળહળિત કરવામાં આવ્યા. ઠાકોરજીએ સુંદર વાઘા અને અલંકારો ધારણ કરી દર્શન આપ્યાં. આ દિવસે ધનવંતરી (દેવોના વૈદ્ય) ની જયંતી છે.

તા. ૨૫-૧૦-૧૧, મંગળવાર, આસો વદ ૧૩ પરં ૧૪, મંગળવારે કાળીચૌદશ એટલે આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના કુળદેવતા હનુમાનદાદાની પૂજા, ભક્તિ ઉપાસનાનો દિવસ. શ્રીજી મહારાજે પણ શિક્ષાપત્રીમાં આ દિવસે હનુમાનજીનું પૂજન કરવા આજ્ઞા કરેલી છે.

મંદિરમાં સવારે ૫:૧૫ ના સમયે મંગળા આરતી અને સવારે ૬:૩૦ ના સમયે શણગાર આરતીનો સમય રહ્યો. સાંજે ૮:૦૦ વાગતાં હનુમાનદાદાનું પૂજન કરી આરતી ઉતારવામાં આવી. આપણી હનુમાનદાદાની ઉપાસના સાત્વિક છે. તેમાં દોરા ધાગા, જંતરમંતર, સ્મશાન સાધના વગેરે તમોગુણી ક્રિયાઓની ઉપાસના માન્ય નથી. શ્રીજી મહારાજનો એ જ આદેશ છે.

તા. ૨૬-૧૦-૧૧, આસો વદ અમાસ બુધવારે દિવાળી-દીપોત્સવીનો તહેવાર ઉજવાયો. સવારે ૫:૦૦ ના સમયે મંગળા આરતી અને ૬:૦૦ વાગ્યે શણગાર આરતી સમયે રંગબેરંગી રોશનીમાં સુંદર વસ્ત્રો અને અલંકારોથી વિશેષ શોભાયુક્ત ઠાકોરજીનાં દર્શનનો લાભ લેવા વિશાળ સંખ્યામાં હરિભક્તો, ઉપસ્થિત રહ્યા. ૨૧,૦૦૦ ઝગમગ-ઝગમગ જ્યોતિર્ધર દીવડાઓ વડે મંદિરને કરવામાં આવેલા શણગારે શોભાને વિશેષ શાનદાર બનાવી. વેપારની વૃધ્ધિ અને ધનલાભ માટે દિવાળીના દિવસે કલમ તથા રોશનાઈ (શાહી) નો ખડીઓ, નામું લખવાના ચોપડા તથા ધન (ચલણી સિક્કા) નું પૂજન મહા સરસ્વતી અને મહાલક્ષ્મીના પ્રતિકરૂપે કરવામાં આવે છે, જે ચોપડા પૂજન તરીકે ઓળખાય છે.

મંદિરમાં સાંજે ૪ વાગ્યે વહીવટી હિસાબી ચોપડા પૂજન કાર્યક્રમમાં હરિભક્ત વેપારી વર્ગે પણ પોતાના નામાના ચોપડાનું પૂજન કરાવવાનો લાભ લીધો. મંદિરની નામાવહીઓનું પૂજન પ.પૂ. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, મંદિરના પ્રધાન હિસાબનીશ પ.હ.ભ. રાજેન્દ્રભાઈ દવે તથા વિભાગવાર મહેતાજીઓએ કર્યું. મંદિરના શા. મહારાજ ગુલાબશંકર ભાઈએ વેદોક્તવિધિ મુજબ પૂજનકાર્ય કરાવ્યું.

તા. ૨૭-૧૦-૧૧, ગુરુવારે નૂતનવર્ષ અને અન્નકૂટદર્શન. મંગળા આરતીનો સમય સવારે ૪:૪૫ અને શણગાર આરતીનો સમય સવારે ૫:૦૦ વાગ્યાનો રહ્યો. શ્રીહરિનાં દર્શન કરી કૃપાપ્રસાદ પ્રાપ્ત કરવાના ઉત્સાહ વચ્ચે વિશાળ સંખ્યામાં હાજર રહેલ હરિભક્તોએ શ્રીજી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કર્યાનો સંતોષ અનુભવ્યો. શણગાર આરતી પછી સભામંડપમાં સવારની કથા સભાનો દોર પૂરો થતાં પ.પૂ. મહંતસ્વામીએ સર્વે ભક્તજનો નૂતનવર્ષમાં હંમેશની જેમ ભક્તિનો ચડતો રંગ રાખી આરોગ્યપ્રદ, સુખ શાંતિભર્યું, સમૃધ્ધ જીવન ભોગવે અને શ્રીહરિની મહેર અનુભવે તેવા રૂડા આશીર્વાદ આપ્યા. હરિભક્તો પૂ. મહંતસ્વામીને દંડવત્ કરીને તથા સંતોને પગે લાગ્યા. સંતો તેમજ હરિભક્તોએ

પરસ્પર બાથભીડીને હૈયાના હેત પરખાવ્યાં. પરસ્પર 'જય સ્વામિનારાયણ' મહામંત્રનું આદાનપ્રદાન કરી 'ચારમિલે ચૌસઠ ખિલે, વીસ રહે કરજોડ' જેવા હરખનાં સ્મિત રેલાવ્યાં.

કોઠારી સ્વામી પુ. પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા કોઠારી સ્વામી પુ. ઘનશ્યામસેવકદાસજીએ ઉપસ્થિત સર્વે હરિભક્તોને પ્રસાદભોજન સ્વીકારવા જણાવ્યું. સભામાં મંદિરના કાર્યકર્તા હોદ્દેદારો તથા સમાજના સ્થાનિક અને વિદેશ વસતા અગ્રણી હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. મહામંત્રની ધુન સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

ત્યારપછી ૧૦:૦૦ વાગ્યે પૂ. મહંત સ્વામીએ અન્નકૂટની આરતી ઉતારી. પાકશાળાવાળા સંતોની સાથે નાનામોટા સંતો તથા ઉત્સાહી હરિભક્તોએ મન પરોવીને તૈયાર કરેલી ખટરસની ચતુર્વિધ વાનગીઓથી દેવોસમક્ષ ખૂબીપૂર્વક ગોઠવાયેલા અન્નકૂટે દર્શનાર્થી હજારો હરિભક્તોને આનંદમુગ્ધ કર્યા.

અન્નકૂટની વાનગીઓ તૈયાર કરવામાં સાં.યો. મહંત સામબાઈ ફોઈના માર્ગદર્શન હેઠળ સાં.યો. બહેનો તથા કર્મયોગી બહેનોએ મૂલ્યવાન ફાળો આપી શ્રીહરિને પ્રસન્ન કર્યા. સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ્વામી હરિમુકુંદદાસજીએ વાનગીઓ તૈયાર કરવાની કાર્યવાહી ઉપર દેખરેખ રાખી સેવા આપી હતી.

અન્નકૂટમાં ૪૪ શાક, ૧૧૮ પ્રકારના પકવાન આદિ વાનગીઓનાં રસવ્યંજનોમાં ૪૦૦૦ કિલો, ચણાનો ઝીણો-જાડો લોટ, ૧૦૦૦ કિ. ઘઉંનો લોટ, ૧૫૦ ડબ્બા ઘી, ૨૦૦ ગુણી ખાંડ, ૫૦ કિ. રાજગરાનો લોટ, ૩૦ ડબ્બા સીંગતેલ અને ૧૫૦૦ કિ. સૂકામેવાનો સાર્થક વપરાશ થયો.

□ □ :: વિશેષ :: □

### *:: ઓસ્ટ્રેલિયાથી પૂ. મહંતસ્વામી આદિ સંતોનું ભુજ મંદિરે પ્રત્યાગમન ::*

ઓસ્ટ્રેલિયા ખંડમાં પર્થ નગરમાં શ્રી સ્વામિનારાયણ મંદિરના નિર્માણનું ખાતમુહૂર્ત સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીને શુભહસ્તે થનાર હોઈ તેમની સાથે ઓસ્ટ્રેલિયા ગયેલ સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિક સંતો દોઢેક માસનો ધર્મપ્રવાસ કરી તા. ૧૯-૧૦-૧૧ ના રોજ ભુજ મંદિરે પધાર્યા.

તા. ૨૦-૧૦-૧૧ ની સવારની કથાસભામાં પૂ. મહંતસ્વામીએ સભાખંડમાં ઉપસ્થિત હરિભક્તો સમક્ષ પ્રવાસમાં સમાવિષ્ટ દેશોમાં ત્યાંના નગરોમાં ચાલતા સત્સંગની વિસ્તૃત માહિતી આપી તે મુજબ -

સંતમંડળ પ્રથમ સીડની (ઓસ્ટ્રેલિયા) પહોંચ્યું. ત્યાં 'હોલ' રાખેલ છે તેમાં ભક્તવર્ગ સત્સંગ કરે છે. અહીં તા. ૧૯-૯-૧૧ સુધીના રોકાણમાં કથા-વાર્તા, મહાપૂજા વગેરેનું આયોજન કરી હરિભક્તોને રાજી કર્યા.

ત્યારપછી સંતો સંતો ન્યુઝીલેન્ડ પધાર્યા. ત્યાં 'ઈસ્સો' (ISSO) સંસ્થાના મંદિરમાં તા. ૨૩-૯-૧૧ સુધી હરિભક્તો સાથે મિલન અને કથા-વાર્તાનો કાર્યક્રમ રાખી હરિભક્તોને પ્રસન્ન કર્યા.

ત્યાંથી મેલબોર્ન પ્રયાણ કર્યું. અહીં શ્રી સ્વામિનારાયણ મંદિર નિર્માણનું કાર્ય હાલમાં ચાલુ છે. મંદિરનું નિર્માણ કાર્ય સમાપ્ત થતાં જાન્યુઆરી ૧૯૧૨ માં ઠાકોરજીની 'પ્રાણપ્રતિષ્ઠા' નું મંગલકાર્ય કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. અહીં પણ સત્સંગીવર્ગને કથા-વાર્તા, મહાપૂજા વગેરે લાભ મળ્યો. સંતો તા. ૨૮-૯-૧૧ સુધી મેલબોર્ન રોકાઈ પર્થ પધાર્યા.

પર્થમાં તા. ૯-૧૦-૧૧ ના રોજ મંદિરના ખાતમુહૂર્તનો અવસર હતો. આ અંગે જમીન

ખરીદવામાં આવી હતી. મંદિર નિર્માણ માટે ત્યાં સ્થાનિક હરિભક્તોએ ફંડ દ્વારા ભંડોળ કરી લીધું હતું.

તા. ૯-૧૦-૧૧ ના પૂ. મહંતસ્વામીને હસ્તે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી તથા હરિભક્તોની વિશાળ હાજરીમાં મંગલમુહૂર્તે શાસ્ત્રવિધિથી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. શ્રીહરિના જયઘોષ સાથે સર્વ રીતે જયજયકાર વર્તાયો. પર્થમાં તા. ૧૧-૧૦-૧૧ સુધી રોકાણ થયું.

ત્યારપછી એડેલાઈડમાં સત્સંગનો પ્રકાશ પાથરી રહેલા યુવકોને લાભ આપવા પ્રયાણ કર્યું, જ્યાં યુવાનો હોલ રાખી સત્સંગ કરે છે. અહીં સત્સંગ પ્રવૃત્તિને ૫ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે પૂ. આચાર્ય મહારાજશ્રીની ઉપસ્થિતિમાં ૩ દિવસની સત્સંગિભૂષણની કથા કરવામાં આવી.

તા. ૧૪-૧૦-૧૧ ના સંતમંડળ સિંગાપુર પહોંચ્યું. ત્યાં હોલમાં સત્સંગીઓ સાથે મિલન કથા-વાર્તાનો આનંદ આપ્યો.

તા. ૧૬-૧૦-૧૧ ના સિંગાપુરથી વાયા મુંબઈ તા. ૧૯-૧૦ ની સાંજે ભુજ મંદિરે આગમન થયું. સંતો હરિભક્તો દર્શનથી રાજી થયા.

તા. ૨૦-૧૦-૧૧ ની સવારની કથાસભામાં પૂ. મહંતસ્વામીએ ઉપરોક્ત અહેવાલ આપતાં સંતો-હરિભક્તો ખૂબ ખૂબ હર્ષ પામ્યા.

## *:: ઝગમતા ૨૧,૦૦૦ દીવડાઓ સાથે દીપાવલિ ઉત્સવ ::*

સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ અને પ્રેરણાબળ સાથે તા. ૨૬-૧૦-૧૧ ની સંધ્યાએ ભાતભાતની રંગીન રોશનીથી દીપાયમાન રંગોળીપૂર્યા ચોક આગળ દીપોત્સવી પર્વનો ઉત્સવ ઉજવાયો. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-ભુજે કરેલા ઉત્સવ ઉજવવાના મનસૂબાને યુવકોના રાહબર શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા કોઠારી પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી ઘનશ્યામસેવકદાસજી, નાના-મોટા સંતોની સાથે સેવાભાવી હરિભક્તોએ સહકારમાં રહી પાર પાડ્યો.

કાર્યક્રમની શરૂઆત 'ઉત્સવસભા' થી કરવામાં આવી. પૂ. મહંતસ્વામીના અધ્યક્ષપદે યોજવામાં આવેલ સભામાં સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી, સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ. સ્વામી ધર્મપ્રસાદદાસજી આદિ નાના-મોટા સંતો, મંદિરના કાર્યકર્તા હોદ્દેદારો, હરિભક્તો તથા અલગ વિભાગમાં સાં.યો. બહેનો અને કર્મયોગી બહેનોની વિશાળ સંખ્યામાં ઉપસ્થિતિ હતી.

સભાના સંચાલક શા. સ્વામી દેવચરણ દાસજીએ સભાનું પ્રયોજન વિસ્તારપૂર્વક રજુ કરી ઉત્સવનું મહત્ત્વ સમજાવ્યું. તે પછી પૂ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગતે સાથે રહી દીપ પ્રાગટ્ય કર્યું.

ત્યારપછી પુ. સ્વામી મહાપુરુષદાસજીએ દિવાળીના પર્વનું માહાત્મ્ય સમજાવી ગંગાનદીમાં તરતા મૂકવામાં આવતા દીપકોમાંથી જે દીવા કિનારાની નજીક રહે તે સ્થિર રહી છેવટ સુધી જ્યોતને જલતી રાખી અંતે જળમાં મળી જાય છે. જે દીવા કિનારાથી દૂર જાય છે તે ગોથાં ખાય છે અને અધવચ્ચે જળમાં ડૂબી જાય છે. એ જ રીતે જે ભક્તજનો ભક્તિની પ્રકાશમય જ્યોત સાથે ભગવાનની સમીપ રહે છે તે અંત સુધી ભક્તિમાં દૃઢ રહી શ્રીહરિના ધામમાં જાય છે. જે જનો ભગવાનથી દૂર રહે છે તે સંસાર સાગરના પ્રવાહમાં નાનાં-મોટાં દુ:ખો સાથે અશાંત જીવન ભોગવી સારાં નરસાં કામોનો હિસાબ મેળવવા યમસદનને પામે છે. સ્વામીજીએ અન્નકૂટ મહોત્સવની વાત કરતાં શ્રીહરિએ ગઢડામાં કરેલ અન્નકૂટનાં સ્મરણો તાજાં કર્યાં હતાં.

પૂ. મહંતસ્વામીએ ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે જેમ દીવા અંધકારને અદશ્ય કરી પ્રકાશને ફેલાવે છે, તેમ આપણે શ્રીહરિની ભક્તિ અને સંત સમાગમ કરી જ્ઞાનપૂર્વક ભક્તિના પ્રકાશ વડે આપણા અંતરમાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિક દૂષણોના અંધકારનો નાશ કરવાનો છે.

અન્નકૂટ સંબંધી ચર્ચા કરતાં પૂ. મહંત સ્વામીએ અનેકવિધ વાનગીઓ તૈયાર કરવામાં સાં.યો. મહંત સામબાઈ ફોઈના નેતૃત્વ હેઠળ સાં.યો. બહેનો તથા કર્મયોગી બહેનોએ કરેલી સેવાને ''અજોડ'' એવી મૂલ્યવાન સેવા તરીકે મૂલવી હતી. સાથે-સાથે સંતો, યુવક મંડળના યુવાનો તથા હરિભક્તોએ કરેલી સેવાને બિરદાવી સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

તે પછી શા. સ્વામી દેવચરણ દાસજીની રનીંગ કોમેન્ટ્રીની જોડાજોડ આરતી અને ઓરકેસ્ટ્રાના સુર સાથે આતશબાજીના તાજુબકરતા અને ચિત્તહરતા આતશબાજીના કાર્યક્રમે સૌને સ્તબ્ધ કરી દીધા. આકાશમાં ફૂટતાં રોકેટોમાંથી ચારે તરફ વેરાતા તણખા જાણે સ્વર્ગમાંથી થતી રંગબેરંગી સિતારાઓની વૃષ્ટિનું અદ્‌ભૂત દશ્ય ધારણ કરતા હતા.

કાર્યક્રમની સમાપ્તિમાં સહુ વિખરાયા ત્યારે પરસ્પર નવા વર્ષના અભિનંદન સાથે એક બીજો અવાજ હતો - ''મજા આવી''.

- અહેવાલ : ઓ. વ્યાસ

## નૂતનવર્ષાભિનંદન

- તંત્રીમંડળ

ઉદ્ધવ સંપ્રદાયના સમસ્ત સત્સંગી હરિભક્ત ભાઈ-બહેનો, શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના વાર્ષિક તેમજ આજીવન સભ્યો, લેખકો, વાંચકો, દાતાશ્રીઓ, સેવાભાવી કાર્યકરો, કર્મચારીઓ અને શુભચિંતકોને દિવાળીની શુભેચ્છા તેમજ આશીર્વાદ સાથે નૂતનવર્ષાભિનંદન !

આપના, આપના કુટુંબીજન, સ્નેહીજન, પ્રિયજન અને શુભચિંતકોના જીવનમાં આ પ્રકાશ પર્વના પવિત્ર અજવાળા પથરાઈ જાય, જીવનને સુખી, સંતોષી, સ્વસ્થ, આરોગ્યવર્ધક, ભૌતિક તથા આધ્યાત્મિક સમૃધ્ધિસભર, આનંદ, ઉમંગ અને ઉલ્લાસથી ભર્યું રાખે, આકાંક્ષાઓ ફળિભૂત થાય, આરંભેલા શુભ કાર્યો પરિપૂર્ણ થાય, જીવમાત્ર પ્રતિ પ્રેમ, કરુણા, સમભાવ, દયાભાવ, સદ્‌ભાવ અને સહાનુભૂતિ સાથે અનહદ કુટુંબ પ્રેમની પ્રાપ્તિ થાય, સામાજિક પ્રતિષ્ઠામાં વૃધ્ધિ થાય. ભક્તિ, નિષ્ઠા અને દાસત્વભાવ સાથે મહારાજની આજ્ઞા પાળવાનું બળ મળે તેવી જેના સ્મરણમાત્રથી ભવસાગર પાર ઉતરી જવાય તેવા અમીદષ્ટા સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવનકારી ચરણકમળમાં કોટિ કોટિ વંદન સાથે પ્રાર્થના. આપ સૌનો જીવનપથ રિધ્ધિ સિધ્ધિ અને સમૃધ્ધિના પ્રકાશથી સદૈવ ઝગમગતું રહે તેવા અંતરના આશીર્વાદ સાથે જય શ્રી સ્વામિનારાયણ !

## : અક્ષરવાસ :

ધનબાઈ પ્રેમજી વાલજી જેસાણી, ગામ બળદિયા તા. ૨૮-૯-૨૦૧૧, બુધવારના શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં અક્ષરવાસી થયા છે. શ્રીજી મહારાજ તેમને પોતાની ચરણસેવાનું સુખ આપે અને તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

# સત્સંગ સમાચાર

## શ્રી સહજાનંદ ગુરુકુલ - માનકુવા : સરસ્વતી સન્માન સમારંભ

શ્રી સહજાનંદ ગુરુકુલ-માનકુવા ખાતે તા. ૧૮-૯-૨૦૧૧ ના રોજ સરસ્વતી સન્માન સમારંભમાં શ્રી સ્વામિનારાયણ મંદિરથી સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ સંતો તથા પ્રસાદી મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી આદિક સંતો અને વિદ્યાર્થી સંતોને અભ્યાસ કરાવતા પંડિત શ્રી વિજયરાઘવાચાર્યજી તથા શ્રી મહેન્દ્રાચાર્યજી, સર્વ શિક્ષકસ્ટાફ, ટ્રસ્ટીશ્રીઓ, શિક્ષણમંડળ, વાલીમંડળ, વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા તથા રમત-ગમતમાં ઈન્ટરનેશનલ, નેશનલ, રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી દ્વારા બિરદાવવામાં આવ્યા તથા ગત વર્ષે સંસ્થાના ૧૦૦% પરિણામ માટે ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓને બોર્ડમાં શ્રેષ્ઠ પરિણામ લાવવા બદલ સંસ્થા દ્વારા સન્માનિત કરાયા. ધો. ૧૦-૧૨ ના વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ માર્ગદર્શક એવા શિક્ષકશ્રીઓનું વિદ્વાનોની સાથે મંડળધારી સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી દ્વારા સન્માન કરવામાં આવ્યું અને ધો. ૫, ૬, ૭, ૮, ૯, ૧૧ માં શ્રેષ્ઠતમ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને સંસ્થાના સંતો દ્વારા ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા. અંતમાં સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીએ સુસંસ્કારયુક્ત વિદ્યા પ્રાપ્ત કરી દેશનું, શાળાનું, સંસ્થાનું અને પોતાના કુળનું પણ ગૌરવ વધારે ને જીવનમાં ઉચ્ચતમ પ્રગતિના શિખરોને સર કરી સુખમય, શાંતિમય આનંદમય જીવન બનાવો એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. પુ. સ્વામી નીલકંઠચરણદાસજીએ પણ આશીર્વચન પાઠવ્યાં હતાં. આ સમારંભના બીજા ભાગ સ્વરૂપે ગુરુકુલના વિદ્યાર્થીઓ દ્વારા ભવ્યાતિભવ્ય અનેકવિધ અલગ-અલગ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા. જેમાં એસ.એસ.જી.એમ. ઈંગ્લિશ મિડિયમમાં અભ્યાસ કરતા નાના નાના બાળકોના કાર્યક્રમો જોઈ ઉપસ્થિત સૌ કોઈ સજ્જનોએ ખૂબ જ આનંદ માણ્યો.

કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન શ્રી ગૌતમ સાહેબે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં અલ્પેશ સાહેબ, બળદેવ સાહેબ, ગૃહપતિ જાદવજીભાઈ કલ્યાણ સહભાગી બન્યા હતા.

કાર્યક્રમના અંતભાગમાં વાલી મિલનનો કાર્યક્રમ યોજાયો. જેમાં દરેક વિદ્યાર્થીઓએ પોતાના વાલિની સાથે શ્રી સહજાનંદ ગુરુકુલમાં ભોજનપ્રસાદ લીધો. આમ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

:: રાજ્યકક્ષાની વોલીબોલ સ્પર્ધામાં સિધ્ધિ ::

તા. ૨, ૩, ૪, ૫/૧૦/૧૧ ના રોજ રાજ્યકક્ષાની અન્ડર-૧૭ ખો-ખો (ભાઈઓ)ની સ્પર્ધા વેરાવળ સોમનાથ ખાતે યોજાઈ. તેમાં કુલ્લ ૩૨ ટીમોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં શ્રી સહજાનંદ ગુરુકુલ-માનકુવા સ્કૂલની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી હતી અને તેમાં ગુરુકુલના બે ખેલાડીઓનું નેશનલ કક્ષામાં સીલેક્શન થયું. જે ખેલાડીઓના નામ આ પ્રમાણે છે. (૧) હીરાણી નારણ દેવશીભાઈ (૨) હાલાઈ ઘનશ્યામ રવજીભાઈ.

- અહેવાલ : શા. સ્વામી ગોલોકવિહારીદાસજી

## અંજાર : ત્રિદિનાત્મક રાત્રી સત્સંગ સભા

અંજાર મધ્યે શ્રી ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં અ.નિ. બ્રહ્મનિષ્ઠ સ.ગુ. મહંત પુ. સ્વામી હરિસ્વરૂપદાસજીની પ્રસન્નતાર્થે તથા ભુજ મંદિરના પ.પૂ. મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા તથા આશીર્વાદથી તથા મંડળના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સમસ્ત સંતમંડળના શુભ સંકલ્પથી અંજાર ખાતે શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરના ભૂમિ પૂજનના ઉપલક્ષમાં ત્રિદિનાત્મક રાત્રિ પ્રેરણા સત્સંગ સંમેલન તા. ૯ થી ૧૧ ઓક્ટોબર ૨૦૧૧ ના રાત્રે ૮:૩૦ થી ૧૧:૦૦ વાગ્યાના સૂચિત શ્રી સ્વામિનારાયણ મંદિરના વિશાળ પટાંગણમાં કરવામાં આવ્યું.

આ પ્રસંગે ભુજ, માંડવીથી પધારેલ સંતોની અમૃતવાણી તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની પ્રવૃત્તિ તથા સાંપ્રદાયિક સત્સંગ પ્રેરણાસભર જાણકારી પ્રોજેક્ટ દ્વારા આપવામાં આવી હતી. આ દિવ્ય સત્સંગનો લાભ અંજાર શહેર તથા બેન્સા વિસ્તાર તથા નાની નાગલપર વાડી વિસ્તાર તથા અંજાર તાલુકાના હીરાપર, દૂધઈ, ભીમાસર, ગાંધીધામ આદિ સર્વે ગામડાઓના સત્સંગી તથા સત્સંગપ્રેમી બાળકો, યુવાનો, વડીલો તથા માતાઓ, બહેનોએ ખૂબ ઉત્સાહભેર બહોળી સંખ્યામાં લાભ લીધો અને છેલ્લે દિવસે શરદપૂર્ણિમા હોવાથી સંતો-ભક્તો સાથે મળીને દિવ્ય રાસોત્સવનું આયોજન કર્યું. રાસોત્સવના અંતે મહાઆરતી કરવામાં આવી અને ત્યારબાદ ઠાકોરજીને ધરવામાં આવેલ દૂધ-પૌંઆનો પ્રસાદ ભક્તોને આપવામાં આવ્યો. આમ ત્રણ રાત્રિ સુધી આખું વાતાવરણ ભક્તિમય બન્યું.

આ પ્રસંગે સ.ગુ. પાર્ષદ કોઠારી જાદવજી ભગતે શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરનું ભૂમિપૂજન આ લાભપાંચમના થશે એમ જણાવીને કહ્યું કે સૌ ભક્તો તન, મન અને ધનથી સેવા ખૂબ કરજો. આ સેવાનો મોટો અવસર મળ્યો છે તે ચૂકતા નહીં.

વક્તા પુ. સ્વામી પરમહંસદાસજીએ કથા રસપાન કરાવ્યું અને સંગીતનો સાથ સ્વામી અક્ષરમુક્તદાસજીએ આપ્યો. આ સત્સંગ સંમેલનના યજમાનપદે ગામ નાનીનાગલપરના શામજીભાઈ ધનજીભાઈ હીરાણી, સુરેશભાઈ નરસિંહ ઠક્કર તથા કિશોરભાઈ ખટાઉ-અંજાર, વેલજીભાઈ નારાણજીભાઈ સોની તથા અરવિંદભાઈ, ભરતભાઈ સોનીએ લીધો. રાત્રિ સત્સંગસભાનું સંપૂર્ણ સંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું.

આ પ્રસંગે કચ્છના સમગ્ર ગામડાઓમાંથી સાં.યો. બહેનો પધાર્યા હતા. પ્રસંગને શોભાવવા મંદિરના કાર્યવાહક સમિતિના સભ્યો, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ ખૂબ સહયોગ આપ્યો હતો. જેને કારણે કર્યક્રમ નિર્વિઘ્નપણે પૂર્ણ થયો હતો.

- અહેવાલ : મેહુલ પી. ઠક્કર

## શ્રી સ્વામિ. કન્યા વિદ્યા મંદિર : રમત-ગમત ક્ષેત્રે સિદ્ધિ

રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર તથા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ભુજ આયોજિત એથ્લેટિક્સ અને હેન્ડબોલ સ્પર્ધામાં શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરની વિદ્યાર્થિની ઓએ જોશભેર ભાગ લઈ ચેમ્પિયન બનેલ હતી. જેમાં અન્ડર-૧૪માં ૧૦૦,૨૦૦ અને ૬૦૦ મી. દોડમાં અને લાંબી કૂદમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જેમાં અન્ડર-૧૬માં ૮૦૦ મી. દોડ, ઊંચી કૂદ, લાંબી કૂદ, ચક્ર ફેંક, બરછી ફેંક અને ગોળા ફેંકમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અન્ડર-૧૭ માં ૧૦૦, ૪૦૦, ૮૦૦ મી. દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અન્ડર-૧૯ માં ઊંચી કૂદ, ચક્ર ફેંક, બરછી ફેંકમાં પ્રથમ અને વિઘ્ન દોડ ૧૧૦ મી.માં પ્રથમ સ્થાન પ્રાપ્ત

કર્યું હતું. મહિલા વિભાગમાં ૧૧૦ મી., ૪૦૦ મી. વિઘ્ન દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ભુજમાં યોજાયેલી સ્પર્ધામાં વિજય બાદ આ ટીમ રાજ્યકક્ષાએ પસંદગી પામી છે અને રાજ્યકક્ષાએ યોજાનારી સ્પર્ધામાં કચ્છનું પ્રતિનિધિત્વ કરશે તેમજ એમ.એસ.વી. માધાપર ખાતે હેન્ડબોલ અન્ડર-૧૭ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શાળાની વિદ્યાર્થિનીઓએ જિલ્લા કક્ષાએ ચેમ્પિયન બની ડંકો વગાડી દીધો હતો. વિદ્યાર્થિનીઓની આ સિધ્ધિને ભુજ મંદિરના પૂ. મહંતસ્વામી, પૂ. વડીલ સંતો તેમજ ટ્રસ્ટીઓ તથા સંસ્થાના પ્રમુખ શ્રી વિશ્રામભાઈ દબાસીયા, મંત્રીશ્રી પ્રવીણભાઈ પિંડોરીયા, સંતો પૂ. પુરુષોત્તમ સ્વામી, પૂ. દેવપ્રકાશ સ્વામી, સંચાલક સમિતિના સભ્યો, શાળાના આચાર્ય શ્રીમતિ દક્ષાબેન વરસાણી, ગૃહમાતા રક્ષાબેન અને વ્યાયામ શિક્ષિકા રશ્મિતાબેન વીરડાએ અભિનંદન પાઠવ્યા હતા.

## સરદાર પટેલ નગર : મૂર્તિ પ્રતિષ્ઠા

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી અને પ.પૂ. સ.ગુ. મહંતસ્વામી પુ. ધર્મનંદનદાસજીની આજ્ઞાથી શ્રી સરદાર પટેલ નગર-ભુજ મધ્યે મંગળવાર, તા. ૧૧-૧૦-૨૦૧૧ શરદપૂનમના રોજે અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરનો છઠ્ઠો પાટોત્સવ અને શ્રી રામચંદ્રજી અને સીતા માતાજીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરેથી પ.પૂ. સ્વામી પુ. મહાપુરુષદાસજી તથા શા. સ્વામી શ્રીપ્રકાશદાસજી તેમજ અન્ય સંતો પધારી યજ્ઞમાં શ્રીફળ હોમવાની વિધિ તેમજ અન્નકૂટ અને પ્રતિષ્ઠાની આરતીમાં સંતોએ લાભ આપી આશીર્વચન આપેલ અને તે જ દિવસે સાંજે રાસોત્સવ રાખેલ અને છેલ્લે પ્રસાદરૂપી સમુહ ભોજન લઈને આ મહોત્સવની સમાપ્તિ કરેલ.

- અહેવાલ : લાલજી વાલજી હીરાણી

## થાણા : સત્સંગ સભા

થાણાના સત્સંગી હરિભક્તોના પ્રેમને વશ થઈ પાર્લા વિશ્રાંતિ ભુવના સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીની આજ્ઞાથી તા. ૨૫-૯-૧૧, રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભુવન થાણા ખાતે સવારના ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી એક દિનાત્મક સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીહરિની આરતી ઉતાર્યા બાદ ૯:૦૦ વાગ્યા સુધી શ્રીજીનંદન સ્વામીએ ધુન કીર્તનની રમઝટ બોલાવી હતી. ત્યારબાદ પુ. સ્વામી ભક્તિવિહારીદાસજીના કંઠે નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત ૯:૩૦ થી ૧૦:૩૦ વાગ્યા સુધી જીવન-કલ્યાણરૂપી કથાનું રસપાન કરાવ્યું હતું. ત્યારબાદ બાલકૃષ્ણ સ્વામીએ શ્રીહરિના લીલાચરિત્રોથી ભરપુર વાતો કરી હતી અને આજના આ કળિયુગમાં સત્સંગના માર્ગે ચાલી ભક્તિ સાથે ભાવથી સત્સંગ કરીને મોક્ષનો માર્ગ સરળ બનાવી અક્ષરધામનો માર્ગ કેમ પ્રાપ્ત થાય વગેરે સુંદર શૈલીમાં સમજાવ્યું હતું.

બપોરના ૧૨:૦૦ વાગ્યે ધુન સાથે સભાવિરામ આપવામાં આવ્યો હતો અને સૌ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. બપોર બાદ ૩:૦૦ વાગ્યે શ્રીહરિને ફરતે રાસોત્સવ રમવામાં આવ્યો હતો, ત્યારબાદ સ્વામી ભક્તિવિહારીદાસજી દ્વારા કથા કરવામાં આવી હતી. જેમાં સૌ ભક્તો મગ્ન બની ગયા હતા. ત્યારબાદ પુ. સ્વામી કેશવપ્રિયદાસજીએ ભક્તોને ભગવદ્ વાર્તાથી તરબોળ કર્યા હતા અને સ.ગુ. સ્વામી વિશ્વજીવનદાસજીએ સત્સંગ મહત્ત્વ સમજાવી આશીર્વાદ આપ્યા હતા, સાથે સ.ગુ.પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા અને સભા સમાપ્તિ સમયે થાણા સત્સંગ ભુવન કમિટીના સર્વે સભ્યોનું સંતો દ્વારા હારતોરા પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. મંદિરના પ્રમુખ મોહનજીભાઈ રતનશીભાઈ ખુથીયાએ

આભારવિધિ કરી સભાની પૂર્ણાહુતિ કરી હતી.

- અહેવાલ : પરેશ તુલસીદાસ સાંખલા

## કોડકી : યુવક મંડળનો સત્સંગ પ્રવાસ

તા. ૨૮-૮-૧૧, રવિવારના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કોડકી દ્વારા ભુજ મંદિરના સંતો અને યુવાનોની સાથે કાળા ડુંગર મધ્યે સત્સંગ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. ૧૫૦ યુવાનો સાથે ૪ સંતો આ પ્રવાસમાં જોડાયા હતા. ત્યાં દત્તાત્રેય ભગવાનનાં દર્શન કરી તેમજ કુદરતની નિરાલી સૃષ્ટિની સૌ યુવાનોએ ખૂબ આનંદભેર મજા માણી હતી. બપોરે ભગવાનનો પવિત્ર પ્રસાદ ગ્રહણ કરી ત્યાંથી પાછા રૂદ્રાણી ડેમ પધાર્યા. ત્યાં સત્સંગ સભામાં સદ્ સ્વામી મુકુંદજીવનદાસજી તથા સ્વામી શ્રીપ્રકાશદાસજીએ સૌ યુવાનોને સત્સંગ લાભ આપ્યો તેમજ યુવક મંડળની સભામાં નિયમિત હાજરી આપી જીવનને ધન્ય બનાવવાની સૌ યુવાનોને ભલામણ કરી હતી. ત્યારબાદ ગેમ સ્પર્ધા પણ રાખવામાં આવેલ હતી.

- અહેવાલ : ક. શ્રી ન. ના.દેવ યુવક મંડળ-કોડકી

## વિલેપાર્લે : સત્સંગસભા-રાસોત્સવ

તા. ૨-૧૦-૧૧, રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-મુંબઈ ખાતે સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સ્વામી શ્રીજીનંદનદાસજી દ્વારા નંદ સંતોના કીર્તનોનું સંગીત સાથે સુમધુર સ્વરમાં સૌ ભક્તોને રસપાન કરાવી ભક્તિ સંગીતથી રસતરબોળ કર્યા હતા અને સ્વામી ભક્તિવિહારી દાસજીએ નિષ્કુળાનંદ કાવ્યની કથા કરી હરિભક્તોને રસાળ શૈલીમાં ભક્તિનું મહત્ત્વ સમજાવ્યું હતું. સ્વામી નિર્ભયજીવનદાસજી તથા સ્વામી કેશવપ્રિય દાસજીએ પોતાની મધુરવાણીથી ભક્તોને રાજી કર્યા હતા. સ્વામી વિશ્વજીવનદાસજી તથા સ્વામી બાલકૃષ્ણ દાસજી તથા પુ. સ્વામી કૃષ્ણપ્રસાદ દાસજીએ સૌ હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે મહાઆરતી કરવામાં આવી હતી અને પ્રસાદીના યજમાન દુધઈના એક હરિભક્ત રહ્યા હતા. જેઓનું સંતો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. અને આભારવિધિ લાલજીભાઈ ખીરા ખુથીયાએ કરી હતી તથા આ સમગ્ર દોર સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજીએ સંભાળ્યો હતો.

તા. ૯-૧૦-૧૧, રવિવારના સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી સત્સંગસભા રાખેલ હતી. જેમાં સ્વામી ભક્તિવિહારીદાસજીએ કથા-વાર્તાનું રસપાન કરાવી સૌ ભક્તોને રાજી કર્યા હતા. બાદમાં સુમધુર ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજીએ કીર્તન તથા ધુનની રમઝટ બોલાવી હતી અને નંદસંતોના કીર્તનો દ્વારા ભક્તોને પ્રભુમય બનાવી દીધા હતા. સ્વામી કેશવપ્રિયદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી, વડીલ સંત પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ પોતાની મધુર વાણીથી ભક્તોને ખૂબ રાજી કર્યા હતા.

આ સભાના પ્રસાદીના યજમાન ગોધરા (કચ્છ) ના એક હરિભક્ત રહ્યા હતા. આ સભામાં પણ આભારવિધિ લાલજીભાઈ ખીરા ખુથીયાએ કરી હતી.

તા. ૧૧-૧૦-૧૧, મંગળવારના રોજ સાંજે ૯:૦૦ વાગ્યે પારલા વિશ્રાંતિ ભુવનના પટાંગણમાં રાસોત્સવ રાખવામાં આવ્યો હતો. સ્વામી શ્રીજીનંદનદાસજીએ પોતાની આગવી શૈલીથી કીર્તન સાથે ઓરકેસ્ટ્રાના તાલે સૌ ભક્તોને રાસમાં ઝૂલાવ્યા હતા અને પાંચાળામાં શ્રીજી મહારાજે રાસ રમાડ્યા હતા તેવી ઝાંખી કરાવી હતી અને ભક્તોની મંદમંદ વરસાદમાં પણ મોટી હાજરી હતી, જે નિહાળી સર્વે સંતો ખૂબ રાજી થયા હતા અને છેલ્લે સ્વામી કૃષ્ણપ્રસાદ દાસજીએ તથા સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજીએ સૌ ભક્તોને આશીર્વાદ આપી રાજી કર્યા હતા અને શરદપુનમના પ્રસાદીના યજમાન ગામ માંડવીના પ.ભ. શ્રી કલ્પેશભાઈ ભીમજીભાઈ હીરાણી હતા. જેઓનું સંતો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

- અહેવાલ : પરેશ તુલસીદાસ સાંખલા

## કોડકી : યુવતી મંડળનો સત્સંગ પ્રવાસ

તા. ૨-૧૦-૨૦૧૧, રવિવારના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળનો કાળા ડુંગર મધ્યે સત્સંગ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૫૦ યુવતી બહેનોની સાથે મંદિરનાં સાંખ્યયોગી બહેનો પણ જોડાયાં હતાં. કાળો ડુંગર પહોંચી દત્તાત્રેય ભગવાનનાં દર્શન કરીને ત્યાં હરીફરીને સૌ કોઈએ મજા માણી હતી. બપોરે ભગવાનનો પવિત્ર પ્રસાદ લઈ અને ત્યાર પછી સત્સંગ સભા કરી હતી. જેમાં સાંખ્યયોગી બાઈઓએ સત્સંગમાં શ્રીજી મહારાજના ભક્ત નવલબાઈ જેવા શૂરવીર થવાની સૌ યુવતીઓને શીખ આપી હતી. સૌ કોઈએ આ પ્રવાસની મજા માણી પાછા ફર્યા હતા.

- અહેવાલ : ક. શ્રી ન. ના.દેવ યુવતી મંડળ-કોડકી

## મદનપુર : ઠાકરથાળી

તા. ૧૧-૧૦-૧૧ ના રોજ શરદપૂર્ણિમાના શુભ દિવસે ઠાકરથાળી (રાસોત્સવ) નું આયોજન કરેલ. તેના પૌત્ર ધ્રુવના જન્મદિવસ નિમિત્તે ગોવિંદભાઈ ગોરસીયા યજમાનપદે રહ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજ તરફથી સ્વામી પ્રભુવલ્લભદાસજી તથા સ્વામી લક્ષ્મણપ્રકાશ દાસજી હાજર રહી સર્વેને આશીર્વાદ આપ્યા હતા.

- અહેવાલ : નારાણ અરજણ વરસાણી

## ભક્તિનગર : નવરાત્રી મહોત્સવ

ભક્તિનગરના આંગણે નવરાત્રીનું આયોજન કરવામાં આવેલ હતું. નવ દિવસ સુધી બહેનો, યુવાન દીકરીઓ, માતાઓ, વડીલો માટે મંદિરમાં સાંજે ૬:૦૦ થી ૭:૩૦ કલાક સુધી રાસોત્સવ રાખવામાં આવેલ હતો. આ આયોજન અમારા ગુરુઓ સાંખ્યયોગી બહેનોએ કરેલ હતું.

- અહેવાલ : રમીલા ડી. જોધાણી

## માંડવી : વિવિધ ઉત્સવો

*:: સત્સંગસભા સહ શિબિર ::*

માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજની અસીમ કૃપાથી માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર નાગલપર વાડી વિસ્તાર મધ્યે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવકમંડળ દ્વારા પંચદિનાત્મક સત્સંગસભા સહ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દિવ્ય પ્રસંગે પ્રથમ ત્રણ દિવસ સુધી યમદંડની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે શા. સ્વામી ભક્તિચરણદાસજીએ પોતાની સુંદર તથા સરળ ભાષાથી સમસ્ત ભક્તજનને આનંદિત કર્યા હતા.

ચોથે દિવસે સ.ગુ.પુ. સ્વામી કેશવજીવન દાસજીએ પોતાની હાસ્યમય અને જૂની વિવાહની પ્રણાલિકાને યાદ કરાવતી એવી સુંદર ભગવાનના એકાંતિક ભક્તરાજ દાદા ખાચરના વિવાહની કથા સંભળાવીને યુવાનો, વડીલો તથા સૌને રાજી કર્યા હતા. ત્યારપછી શા. સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ પોતાની વિદ્વત્તાભરી ભાષામાં નાગલપુર વાડી વિસ્તાર સ્વામિનારાયણનો ઈતિહાસ કહ્યો હતો તેમજ સભામાં વિરાજતા મહાપ્રભુની મહાઆરતી કરવામાં આવી હતી.

ત્યારપછી પાંચમા દિવસે પાંચે કાંધાના યુવાનોની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ પ્રાર્થનાની સાથે શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો. ત્યારબાદ યુવાનોને અંતાક્ષરી, પ્રશ્નોત્તરી અને વિશ્વ વ્યાપાર જેવી જ્ઞાનયુક્ત રમતો રમાડવામાં આવી હતી. અંતે સ.ગુ. સ્વામી સનાતનદાસજી અને સ.ગુ. સ્વામી નિષ્કામચરણદાસજીએ આયોજક યુવાનોને અને પ્રોત્સાહન આપનાર વડીલોને યજમાનોને તથા નાનામોટા સર્વ ભક્તજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

અહે. : ક. શ્રી ન.ના.દેવ યુવક મંડળ-નાગલપર

*:: નારાયણ સરોવર યાત્રા સહ શિબિર ::*

તા. ૯-૧૦-૨૦૧૧, રવિવારના રોજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-માંડવી, પિયાવા-નાગલપર, નિલકંઠ મહાદેવ, ભારાપર, નવું ભારાપર, રાવાડી, કોડાય, ગોધરા, ડોણ, મસ્કા, જખણીયાના ૩૫૦ જેટલા યુવાનો તથા શ્રી ઘનશ્યામ બાલમંડળના બાળકો માંડવીથી સવારે ઠાકોરજીની મંગળા આરતીના દર્શન કરી સંતો સાથે નારાયણ સરોવરની યાત્રાએ જવા નીકળ્યા હતા. ત્યાં ત્રિકમરાયજીના દર્શન કરી કોટેશ્વર મહાદેવ તથા પ્રસાદી સ્થળ છત્રચરણારવિંદના દર્શન કરી નારાયણ સરોવરમાં ગૌશાળા ટ્રસ્ટ ઉપવનમાં શ્રી ઘનશ્યામ બાલમંડળના બાળકો તથા યુવાનોની વિશાળ સભામાં 'નમન હું કરું....' પ્રાર્થનાથી શિબિરની શરૂઆત કરવામાં આવી હતી. શિબિરમાં પુ. સ્વામી પરબ્રહ્મજીવન દાસજી દ્વારા વચનામૃત વાંચન બાદ પુ. સ્વામી બ્રહ્મમુનિ દાસજી, પુ. સ્વામી હરિપ્રસાદદાસજીએ યુવાનોને અને બાળકોને પ્રશ્નોત્તરી તથા વન મિનિટ જેવી સત્સંગ સાથે રમત-ગમત રમાડી ખૂબ જ રાજી કર્યા હતા.

ત્યારપછી સ.ગુ. સ્વામી સનાતનદાસજીએ બાળકોને તથા યુવાનોને આવી યાત્રાઓ અને કાર્યક્રમો દ્વારા પોત્સાહન મળે અને આવું થતું રહે એવા ઉદ્ગાર સાથે રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારપછી કોઠારી પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજીએ રમત-ગમતમાં વિજેતા એવા બાળકો તથા યુવાનોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારપછી રાસ રમવામાં આવ્યો હતો. જેમાં શા. સ્વામી ભક્તવત્સલદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ પદો ગાયાં હતા. ત્યારપછી બપોર પછી ભોજન બાદ નારાયણ સરોવરથી રામવાડા દર્શન કરી તેરા આવ્યા. ત્યાં શ્રીહરિના ચરણાંકિત પ્રસાદી સ્થળોના દર્શન કરી કાળા તળાવ આવ્યા. ત્યાં પ્રસાદીના સ્થળોના દર્શન કરી માંડવી શ્રી ઠાકોરજીની સંધ્યા આરતીના દર્શન કરી યાત્રાની સમાપ્તિ કરી. આ સમગ્ર યાત્રાનું સંચાલન પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ કર્યું હતું.

- અહે. : ક. શ્રી ન. ના. દેવ યુવક મંડળ-માંડવી

*:: શ્રીહરિલીલામૃત પંચાહ્ન પારાયણ ::*

માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના આશીર્વાદથી તા. ૪-૧૦-૨૦૧૧ થી તા. ૮-૧૦-૨૦૧૧ સુધી ગામ માંડવીના પિતાશ્રી અ.નિ. પ્રેમજીભાઈ માવજી સુરજાણી, માતુશ્રી અ.નિ. રતનબાઈની પુણ્યસ્મૃતિમાં શ્રી હરિલીલામૃત (કળશ) પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. યજમાનપદે સુપુત્રો કરસનભાઈ, નાનજીભાઈ, દેવજીભાઈ, રામજીભાઈ પ્રેમજી સુરજાણી રહ્યા હતા. જેના વક્તા પુ. સ્વામી શૌનકમુનિદાસજી, પુ. સ્વામી બ્રહ્મમુનિદાસજી, સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજી રહ્યા હતા. સ.ગુ. સ્વામી સનાતનદાસજીએ સુપુત્રોમાં પિતા જેવા સંસ્કાર પ્રાપ્ત થાય એવા સંસ્કાર આપ્યા હતા.

- અહેવાલ : કો. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી

*:: શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ ::*

માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના આશીર્વાદથી ગામ કોડાય-માંડવીના અ.નિ. ધ.પ. નાનબાઈ દેવજી વેકરીયાના મોક્ષાર્થે હ. દેવજીભાઈ શામજી વેકરીયા, સુપુત્ર વાલજીભાઈ તથા રામજીભાઈ વેકરીયા પરિવારે તા. ૧૦-૧૦-૨૦૧૧ થી તા. ૧૪-૧૦-૨૦૧૧ ના રોજ શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણનું આયોજન કર્યું હતું. જેના વક્તાપદે શા. સ્વામી પરબ્રહ્મજીવન દાસજી, પુ. સ્વામી સત્યપ્રકાશદાસજી, શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ રહી પોતાની સરળ અને સુંદર ભાષામાં કીર્તન-ચોપાઈ વગેરે સુંદર રાગોસભર રસભરી કથા સંભળાવી હરિભક્તોને રાજી કર્યા હતા.

*:: શરદપૂનમ રાસોત્સવ ::*

માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના આશીર્વાદથી તા. ૧૧-૧૦-૨૦૧૧ ના શરદપૂર્ણિમાની રાત્રીએ ઠાકોરજી આગળ

રંગબેરંગી દિવડા પ્રગટાવી ઠાકોરજીની આરતી કરી ત્યારબાદ મંદિરના પટાંગણમાં રાસ રમવામાં આવ્યો હતો. રાસોત્સવમાં બાળકો-યુવાનો-વડીલો ભક્તો ખૂબ રાસ રમી આનંદિત થયા હતા. યજમાનશ્રી પ.ભ. હરજીભાઈ ગાંગજી વેકરીયા (સોની) ધ.પ. સુંદરબેન તથા સુપુત્ર મહેશભાઈ, ધ.પ. પુષ્પાબેન આ વેકરીયા પરિવારને સંતોએ ખૂબ જ રૂડા આશીર્વાદ આપ્યા. ત્યારબાદ દૂધ પૌંઆનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો.

***:: શ્રી ઘનશ્યામલીલામૃતસાગર પંચાહ્ન પારાયણ ::***

માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના આશીર્વાદથી ગામ ગોધરાના અ.નિ. નારાણભાઈ મનજી આસાણીના મોક્ષાર્થે હ. ગં.સ્વ. ધ.પ. લાલબાઈ નારાણ આસાણી, સુપુત્ર કલ્યાણભાઈ તથા કુંવરજીભાઈ આદિ સહપરિવારે તા. ૧૫-૧૦-૨૦૧૧ થી તા. ૧૯-૧૦-૨૦૧૧ સુધી શ્રી ઘનશ્યામ લીલામૃતસાગરની પંચાહ્ન પારાયણનું આયોજન કર્યુ હતું. જેના વક્તાપદે પુ. સ્વામી કેશવજીવનદાસજી, પુ. સ્વામી ઘનશ્યામજીવન દાસજી, પુ. સ્વામી બ્રહ્મમુનિ દાસજીએ પોતાની સુંદર અને સરળ ભાષાથી હરિભક્તોને રાજી કર્યા હતા. સ.ગુ. સ્વામી સનાતનદાસજીએ યજમાન પરિવારે રૂડા આશીર્વાદ આપ્યા હતા.

અહેવાલ : કો. પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી

## શ્રી સ્વામિ. વિદ્યાર્થી ભુવન : સૌરાષ્ટ્ર પ્રવાસ

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન ધો. ૧૦ ના વિદ્યાર્થીઓનો પ્રવાસ વિદ્યાર્થી ભવનના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજીના આશીર્વાદ અને સહ સંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજીની પ્રેરણાથી યોજવામાં આવ્યો. આ પ્રવાસમાં ધો. ૧૦ તથા ધો. ૧૧ ના કુલ્લ ૧૦૮ વિદ્યાર્થીઓ ઉપરાંત સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી ઘનશ્યામપ્રિય દાસજી તથા ગૃહપતિ ચંદુભાઈ વ્યાસ, વિરેન્દ્રસિંહ જાડેજા, જેન્તીભાઈ પટેલ તેમજ શિક્ષક શ્રી મનનભાઈ ઠક્કર સામેલ હતા.

તા. ૨૬-૯-૨૦૧૧ ના રાત્રે રવાના થઈ સવારે રાજકોટ પહોંચ્યા. નાહી-ધોઈ પૂજા-પાઠ કરીને સ્વામિનારાયણ મંદિરમાં દેવોના દર્શન કરીને ત્યાંથી ક્રિષ્ના વોટર પાર્કમાં પહોંચ્યા. ત્યાં નાહવાની અને રાઈડસની ખૂબ મજા માણી. દરિયાઈ મોજા સાથે ઝૂલવાનો અનોખો અને અવિસ્મરણીય આનંદ માણ્યો. સાંજે વીરપુર યાત્રા કરી. મંદિરમાં દર્શન કરી ત્યાંથી સાંજે વંથલી સ્વામિનારાયણ ગુરુકુળમાં રાત્રિરોકાણ કર્યુ. સવારે નાહી-ધોઈ પૂજા પાઠ પ્રાર્થના કરી માધવપુર દરિયા કાંઠે ગયા. ત્યારબાદ લોજ ગયા. ત્યાં સ્વામિનારાયણ મંદિરમાં તપોમૂર્તિ નીલકંઠવર્ણીના દર્શન કરી હૃદયમાં શાંતિ શાંતિ થઈ ગઈ. લોજની વાવના દર્શન કરી ખૂબ ધન્યતા અનુભવી. ત્યાંથી સોમનાથ ગયા. સોમનાથ મહાદેવ મંદિરે ભગવાન શિવની વિશાળ મૂર્તિના સૌએ દર્શન કર્યા. ત્યારબાદ ત્રિવેણી ઘાટ પર ગયા. સોમનાથની પરિક્રમા કરી જુનાગઢ આવ્યા. ત્યાં સ્વામિનારાયણ મંદિરમાં સૌએ સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે પધરાવેલા શ્રી રાધારમણદેવ તથા સિધ્ધેશ્વર મહાદેવના દર્શન કરી રાત્રિભોજન કરીને ત્યાં રાત્રિવાસો કરીને સવારે વહેલા ગિરનારના ૯૯૯૯ પગથિયાં ચડવાના શરૂ કર્યા. ધીરે-ધીરે બહુ જ ઊંચા દત્ત મંદિરે પહોંચ્યા. દત્તાત્રેયનાં ભાવથી દર્શન કરી પાછા વળ્યાં. ત્યારબાદ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં ગયા. ત્યાં વિવિધ જાતનાં પક્ષીઓ-પ્રાણીઓ જોવાની મજા પડી. સાંજે ભુજ આવવા પ્રયાણ કર્યું. રાત્રે ૨:૦૦ વાગ્યે ભુજ પહોંચ્યા. આ રીતે આ પ્રવાસમાં મંદિરોના દર્શન કરી કુદરતી સૌંદર્યના દર્શન કરી સૌ ધન્ય ધન્ય થઈ ગયા. સૌ વિદ્યાર્થીઓને આ પ્રવાસ આજીવન યાદગાર બની રહેશે. અસ્તુ.

## શ્રી સ્વામિ. ગુરુકુળ - નારાણપર સરસ્વતી સન્માન

શ્રી નરનારાયણદેવ ટ્રસ્ટ, ભુજ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-નારાણપર, તા. ભુજ સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી-નારાણપર (અંગ્રેજી માધ્યમ) મધ્યે તા. ૨૩-૧૦-૨૦૧૧, શનિવારના રોજ સરસ્વતી સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમ અંતર્ગત શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ રંગોળીઓ બનાવી હતી.

સરસ્વતી સન્માન અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિની દ્વારા ભારતની વર્તમાન ભ્રષ્ટાચાર, બેરોજગારી, ગરીબી જેવી સમસ્યાઓને વાચા આપતું સંદેશાત્મક નાટક રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-નારાણપરના સંચાલક મંડળમાં સમાવિષ્ટ સંતવૃંદ સ્વામી નારાયણવલ્લભ દાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશ દાસજી, ટ્રસ્ટીશ્રીઓ શ્રી અરજણભાઈ ગાજીપરા, શ્રી શિવજીભાઈ વેકરીયા, શ્રી લાલજીભાઈ જાદવા કેરાઈ, શ્રી દિલીપભાઈ વેકરીયા, શ્રી મુકેશભાઈ વેકરીયા તથા શાળાના આચાર્ય શ્રી જીતેન્દ્રભાઈ ખેમચંદ તથા શિક્ષકમિત્રોનું સન્માન કરવામાં આવેલ.

આ અવસરે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-નારાણપરના સંતવૃંદ, ટ્રસ્ટીશ્રીઓ તથા આચાર્યશ્રી દ્વારા દિવાળીની શુભેચ્છા પાઠવવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષકમિત્રો, વિદ્યાર્થીઓનો ખૂબ સારો સહકાર સાંપડ્યો હતો.

## શ્રી સ્વામિ. આયુ. ઔષધાલય : ધનવંતરી પૂજન

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર સંચાલિત આયુર્વેદિક ઔષધાલયમાં ધનતેરશ તા. ૨૪-૧૦-૧૧ ના રોજ આરોગ્યના દેવ ભગવાન શ્રી ધનવંતરીદેવનું પૂજન કરવામાં આવ્યું. પૂજનવિધિ પ.પૂ. સ્વામી ધર્મવિહારીદાસજી દ્વારા કરાવવામાં આવી. પૂજનના યજમાન સંસ્થાના વૈદ્ય દેવેન્દ્રભાઈ કારીઆ રહ્યા હતા.

આ પ્રસંગે પ.પૂ. સ્વામી સ્વયંપ્રકાશ દાસજીએ ધનવંતરી ભગવાનના અવતારની કથા સમજાવી હતી. આરોગ્યપ્રેમી સજ્જનો ધનસુખભાઈ ધોળકીયા, ધીરુભાઈ ઠક્કર, હંસરાજભાઈ દૈયા, આનંદભાઈ કારીઆ વગેરે હાજર રહ્યા હતા તેમજ સ્ટાફના સર્વે સભ્યોએ હાજરી આપી સ્વામીના આશીર્વાદ મેળવ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટીમંડળે શુભેચ્છા પાઠવી હતી.

- અહેવાલ : ડો. દેવેન્દ્ર કારીઆ


શ્રીહરિની કૃપાથી કચ્છ સત્સંગના દેશ-વિદેશના ગામોમાં મંદિરોના નિર્માણનું પ્રશસ્ય કાર્ય થયું છે. આપના ગામનાં (ભુજ મંદિર હસ્તકના) મંદિરના નિર્માણ સમયના, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, ઉજવાતા અન્ય મહોત્સવો, આચાર્ય મહારાજશ્રી તથા વડીલ સંતોના ફોટાઓ, વીડીઓ કેસેટો, ડીવીડી, સીડી, ફોટા વગેરે જે ઉપલબ્ધ હોય તેનાથી વિશ્વભરના હરિભક્તોને વાકેફ કરવાના શુભ આશયથી આ સાહિત્ય ભુજ મંદિરની વેબસાઈડ પર મુકવાનું વિચાર્યું છે. તો આપની પાસેનું સાહિત્ય નીચે દર્શાવેલ સરનામા પર મોકલી આપવા વિનંતી છે જેથી તેનો લાભ દુનિયાભરના હરિભક્તો લઈ શકે. આપના સહકારની અપેક્ષા સાથે જય શ્રી સ્વામિનારાયણ.


: સાહિત્ય મોકલવાનું સરનામું : તંત્રીશ્રી,

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય, શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

E-Mail : info@bhujmandir.org

# વિદેશ સમાચાર





## પર્થ (ઓસ્ટ્રેલિયા) : વાર્ષિક સામાન્ય સભા તથા ચુંટણી અહેવાલ

શ્રી સ્વામિનારાયણ મંદિર-પર્થ ઓસ્ટ્રેલિયાની છઠ્ઠી વાર્ષિક જાહેરસભા, રવિવાર, તા. ૨૧-૯-૨૦૧૧ ના રોજ ડાયનેલા સ્કાઉટ હોલમાં રાખવામાં આવેલ. શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયઘોષ સાથે સભાનું કાર્ય શરૂ કરવામાં આવેલ. મંત્રી શ્રી જયેન્દ્રભાઈ હરિકૃષ્ણ સોનીએ સભામાં આવેલ સર્વે સત્સંગી હરિભક્તોને આવકાર્યા બાદ ગત વાર્ષિક સભા તથા બે અસાધારણ સભાઓની નોંધોનું વાંચન કરવામાં આવેલ.

ત્યારબાદ મંત્રીશ્રીએ વાર્ષિક અહેવાલોનું વાંચન કર્યા બાદ, ખજાનચી શ્રી સંજયભાઈ ભુડિયાએ ગત વર્ષનો આવક-જાવકનો હિસાબ તથા સરવૈયું વાંચી સંભળાવેલ. જે સર્વાનુમતે પાસ કરવામાં આવેલ.

ત્યારબાદ છેલ્લે અધ્યક્ષ શ્રી રવજીભાઈ ગાંગજી હાલાઈએ વર્ષ દરમ્યાન મંદિર વિષેની જે-જે પ્રગતિ થયેલ તથા બાંધકામ વિષે જે જે કાર્યવાહી સૌ હરિભક્તોના સહિયારા પ્રયાસથી થયેલ તથા ખાતમુહૂર્ત, ફંડ રેઈઝીંગ કાર્યવાહી વગેરેનો વિસ્તૃત ખ્યાલ સભાને આપેલ. ત્યારબાદ તેઓએ જણાવેલ કે તેમના સમયગાળા દરમ્યાન જે કોઈ ભાવિક ભાઈઓ તથા બહેનોએ મંદિરના કાર્યમાં મદદરૂપ થયેલ, તેઓ સર્વેનો આભાર વ્યક્ત કરેલ. છેલ્લે તેઓના આ સ્થાન ઉપર ટ્રસ્ટીમંડળ, કાર્યકરો તથા સર્વે હરિભક્તોનો સાથ-સહકાર મળેલ તે બદલ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરેલ.

ત્યારબાદ ચાલુ કાર્યવાહક સમિતિને તથા ટ્રસ્ટીમંડળની પાંચ વર્ષની મુદ્દત પૂરી થતી હોઈ, તેને પણ બરખાસ્ત કર્યા બાદ ચુંટણી અધિકારીની નિયુક્તિ કરવામાં આવેલ અને અંતમાં નીચે જણાવેલ મુજબ વર્ષ ૨૦૧૧-૧૨ માટે કાર્યવાહક સમિતિના હોદ્દેદારો અને સભ્યોની તથા ટ્રસ્ટીઓની ચુંટણી કરવામાં આવેલ. જેમાં નીચેના હોદ્દેદારો ચુંટાઈ આવેલ.

અધ્યક્ષ : શ્રી રવજીભાઈ ગાંગજી હાલાઈ-કુંદનપુર, ઉપાધ્યક્ષ : શ્રી મનજીભાઈ શિવજી ભંડેરી-વેકરા, મંત્રી : શ્રી જયેન્દ્રભાઈ હરિકૃષ્ણ સોની-દેત્રોજ, સહમંત્રી : શ્રી નીતિનભાઈ ધનજી હાલાઈ-મેઘપર, ખજાનચી : શ્રી સંજયભાઈ ગોવિંદ ભુડિયા-માધાપર, સહખજાનચી : શ્રી દિપકભાઈ કાનજી રાબડીયા-બળદિયા, હિસાબ ચોકસી : શ્રી રૂપેશભાઈ પ્રેમજી કેરાઈ-ઉ. સુખપર.

સભ્યો : શ્રી પ્રિતેશભાઈ માવજી હીરાણી-માનકુવા, શ્રી પ્રકાશભાઈ કાનજી વરસાણી-સામત્રા, શ્રી હરેશભાઈ લાલજી કેરાઈ-ગોડપર, શ્રી જીતેનભાઈ શામજી હરશીયાણી-કેરા.

ટ્રસ્ટીમંડળ : શ્રી ધનજીભાઈ નાનજી હાલાઈ - મેઘપર, શ્રી ધનજીભાઈ લાલજી પિંડોરીયા-માધાપર, શ્રી નરેશભાઈ પર્વતભાઈ હાલાઈ-દહીંસરા, શ્રી શામજીભાઈ ધનજી હરશીયાણી-કેરા, શ્રી હરજીભાઈ લાલજી ભુડિયા-માનકુવા.

આ પ્રમાણે ટ્રસ્ટીમંડળની આગામી પાંચ વર્ષ માટેની વરણી કરવામાં તથા કાર્યવાહક સમિતિના હોદ્દેદારો તથા સભ્યોની વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટેની વરણી બહુમતે કરવામાં આવેલ.

- અહેવાલ : જયેન્દ્રભાઈ હરિકૃષ્ણ સોની (મંત્રી)

## બોલ્ટન : સપ્તાહ પારાયણ

આપણાં બોલ્ટન મંદિરમાં શ્રી વચનામૃત સપ્તાહ પારાયણ, સોમવાર, તા. ૧૦-૧૦-૨૦૧૧ થી રવિવાર તા. ૧૬-૧૦-૨૦૧૧ સુધી આપણા ભુજ મંદિરના અ.નિ. સ.ગુ. વાત્સલ્યમૂર્તિ પુ. સ્વામી ઘનશ્યામજીવનદાસજીની સ્મૃતિમાં ગામ દહીંસરાના અ.નિ. વિશ્રામભાઈ રામજી ગાંગજીઆણી, અ.નિ. ધનબાઈ વિશ્રામ ગાંગજીઆણી, અ.નિ. વાલબાઈ વિશ્રામ ગાંગજીઆણી આદિ સહપરિવારના મોક્ષાર્થે આ પારાયણનું આયોજન કરવામાં આવેલ અને આ પારાયણના મુખ્ય યજમાન ગામ દહીંસરાના દેવજીભાઈ વિશ્રામ રામજી ગાંગજીઆણી, ધ.પ. જશુબેન, પુત્ર હરીશ, પુત્ર ચેતન, પુત્રી જીજ્ઞા, પુત્રી જેશીકા આદિ સહકુટુંબ પરિવાર રહ્યા હતા.

આ પારાયણના વક્તાપદે ભુજ મંદિરના સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજીના મંડળના બધા જ સંતોએ પોતાની અમૃત જેવી મીઠી વાણીથી કથા સંભળાવી તેમજ સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી દરરોજ હરિભક્તોને આશીર્વાદ આપી વચનામૃતની ખૂબ જ વાતો કરીને સમજાવીને હરિભક્તોને રાજી કરેલ.

કથા દરમ્યાન મંગળવારના શરદપૂનમના રાસઉત્સવ પણ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ તેમજ શનિવારના પણ રાસઉત્સવ તેમજ લંડનથી પધારેલા યુવક મંડળના ભાઈઓએ કીર્તન-ભક્તિનો કાયક્રમથી હરિભક્તોને ખૂબ રાજી કરેલ. પૂર્ણાહુતિના દિવસે રવિવારે કથાના યજમાન શ્રી દેવજીભાઈએ સૌ સહયોગીઓનો આભાર માન્યો તેમજ રવિવારના તે જ દિવસે બધા હરિભક્તોને પ્રસાદરૂપી ભોજન પણ તેમના વતી આપવામાં આવેલ. - અહેવાલ : મનજીભાઈ હાલાઈ

## એડીલેડ : પંચવર્ષીય મહોત્સવ

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમકૃપાથી પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી, ભુજ મંદિર મહંતસ્વામી અને વડીલ સંતોના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર-એડીલેડ ઓસ્ટ્રેલિયા મધ્યે પાંચ વર્ષનો મહોત્સવ તા. ૧૩ ઓક્ટોબર, ૨૦૧૧ થી તા. ૧૫ ઓક્ટો. ૨૦૧૧ માં ઉજવાયો હતો. આ મહોત્સવમાં અમદાવાદ દેશ ગાદીના આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. મહંત સ્વામી પુ. ધર્મનંદન દાસજી, પૂ. સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીએ અમદાવાદ તથા ભુજ મંદિરથી પધારીને શોભાયમાન કર્યો હતો. મહોત્સવની શુભ શરૂઆત સત્સંગિજીવનની ૩ દિવસની પારાયણથી થઈ હતી અને અમદાવાદ મંદિરના શા. સ્વામી રામકૃષ્ણદાસજીએ ભગવાન શ્રીહરિના લીલાચરિત્રોનું રસપાન કરાવેલ.

તે ઉપરાંત મહારાજશ્રી તથા વડીલ સંતોની હાજરીમાં શ્રી સ્વામિનારાયણ મંદિર-એડીલેડ એન્ડ્રોઈડ ફોનનું કીર્તનાવલી એપ્લીકેશનનું પ્રકાશન કર્યું હતું, જે એપ્લીકેશનમાં નંદ સંતો રચિત ૨૦૦૦ થી વધુ કીર્તનો છે. આજના મોબાઈલ યુગમાં આ એપ્લીકેશનથી ભક્તો ૨૦૦૦ થી વધુ કીર્તનો તેમના ફોનમાં જ્યારે ઈચ્છશે ત્યારે જોઈ શકશે.

તે ઉપરાંત પૂ. મહારાજશ્રી તથા વડીલ સંતોની હાજરીમાં શ્રી સ્વામિનારાયણ મંદિર-એડીલેડે પ્રકાશિત કરેલા મહોત્સવના ટી-શર્ટ ઉપર પૂ. મહારાજશ્રી તથા મહંતસ્વામીની સહી લેવામાં આવી હતી. અને તેમને ફ્રેમમાં મુકીને તે બે ટી-શર્ટનો પૂ. મહારાજશ્રી તથા મહંત સ્વામીની હાજરીમાં ચડાવો કરવામાં આવ્યો હતો. જેનો ભાગ્યશાળી યજમાને લ્હાવો લીધો હતો.

શનિવાર, તા. ૧૫ ના રોજ પૂ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા બેન્ડ, લેઝીમ અને મંડળીથી કાઢવામાં આવી હતી.

આ મહોત્સવમાં સીડની અને મેલબોર્નથી પધારેલા હરિભક્તોએ પણ લાભ લીધો હતો. શ્રી સ્વામિનારાયણ મંદિર, એડીલેડના હરિભક્તો એ હોલ/વેરહાઉસ મંદિર બનાવવા માટે શોધી રહ્યા છે. વધુ માહિતી માટે **adelaide@yahoo.com**

માં ઈ-મેઈલ કરી શકો છો અથવા www.swaminarayanadelaide.org માંથી માહિતી મેળવી શકો છો.

## સીડની-ઓસ્ટ્રેલિયા : સામાન્ય સભા

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમકૃપાથી તથા પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી સ.ગુ.પુ. ધર્મનંદનદાસજી તથા બ્રહ્મનિષ્ઠ વડીલ સંતોના દિવ્ય આશીર્વાદ તથા પ્રેરણાથી સીડનીમાં સત્સંગ પ્રવૃત્તિનો ખૂબ જ વિકાસ થઈ રહ્યો છે.

આપણા સીડની મંદિરની સામાન્યસભા તા. ૩-૯-૨૦૧૧ ના રોજ કવેર્કઝ હીલ હાઈસ્કૂલના હોલમાં મળી હતી. જેમાં ગત મીટીંગનો અહેવાલ સભામાં વંચાયો અને બધા હરિભક્તોના રાજીપાથી કાર્યક્રમ આગળ વધ્યો. ત્યારબાદ મંદિરના ખજાનચીએ સંસ્થાના વર્ષ ૨૦૧૦-૨૦૧૧ ના વાર્ષિક હિસાબોનો અહેવાલ રજૂ કર્યો, જે સભામાં હાજર રહેલા સર્વે હરિભક્તોએ આનંદપૂર્વક વધાવ્યો.

ત્યારબાદ અધ્યક્ષશ્રીની રજાથી હાલની કમિટીની નિવૃત્તિ થઈ અને દસમી કાર્યવાહક કમિટી જુલાઈ-૨૦૧૧ જુન ૨૦૧૪ સુધીની નવી કમીટી રજુ કરવામાં આવી, અને તેમાં નીચે મુજબ હરિભક્તોની નામાવલિ છે.

:: ટ્રસ્ટીમંડળ ::

મુખ્ય ટ્રસ્ટી :- મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી ટ્રસ્ટીશ્રીઓ : માવજીભાઈ કરસન રાજાણી-રામપર, નારણભાઈ મનજી વરસાણી-બળદિયા, કરસનભાઈ શીવજી કેરાઈ-નારાણપર, ધનજીભાઈ મનજી વરસાણી-બળદિયા, દિનેશભાઈ કેશરા ખેતાણી-ઉ.સુખપર, ભીમજીભાઈ મનજી રાબડીયા-બળદિયા કમિટી સભ્યશ્રીઓ : નારણભાઈ મનજી વરસાણી-બળદિયા, ભીમજીભાઈ મનજી રાબડીયા-બળદિયા, રવિભાઈ શીવજી હાલાઈ-દહીંસરા, જયેશભાઈ કુરજી વેકરીયા-નારાણપર, દિનેશભાઈ કેશરા ખેતાણી-ઉ.સુખપર, દિનેશભાઈ રવજી જેસાણી-બળદિયા, રમેશભાઈ નારણ રૂપાલીયા-ઉ.સુખપર, નીતિન વાઘજી કેરાઈ-રામપર, અશોક વિશ્રામ વાલાણી-બળદિયા, પંકજભાઈ લાલજી વરસાણી-નારાણપર, પ્રેમજીભાઈ ખીમજી ભુડિયા-દહીંસરા.

આ નામાવલિને સભામાં હાજર રહેલા સર્વે હરિભક્તોએ આનંદપૂર્વક વધાવી લીધી. પછી અન્ય જાહેરાતો કરીને અધ્યક્ષશ્રીની રજાથી આ સામાન્યસભાને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જયઘોષ કરીને સમાપ્ત કરવામાં આવી.

## શ્રી સ્વામિ. ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૫૧/- રમણભાઈ મથુરભાઈ પટેલ-અવિધા-ભરૂચ શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ.
૫૧/- હરિભાઈ ટી. ઠક્કર - ભુજ શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ.
૫૧/- પાર્થ હરેશકુમાર જેઠી-ભુજ ચિ. પાર્થના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવને ભેટ.
૧૫૧/- સ્મિત નરેન્દ્રભાઈ ઠક્કર બહેન ભક્તિના ઘરે સુપુત્રી ચિ. દુર્વાના જન્મ નિમિત્તે ભેટ.
૧૫૧/- નરશીભાઈ કાનજીભાઈ ગોગારી પૌત્રી ચિ. ભૂમિના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૨૫/- કિશ્નાભાઈ લાલજી રત્ના ભુડિયા-ફોટડી હાલે મોમ્બાસા સારા માર્કસથી પાસ થયા તે નિમિત્તે ભેટ.
૧૨૫/- જમનાદાસભાઈ ઉમરશીભાઈ સચદે નવા મકાનમાં પ્રસ્થાન કર્યું તે નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૨૫૦/- હરિશભાઈ ધનજીભાઈ વેલાણી-મીરજાપર સુપુત્ર ચિ. નમનના જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૧૦૧/- હંસાબેન શિવજી કેરાઈ-નારાણપર ઉ.વા. સુપુત્ર ચિ. ઘનશ્યામના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૦૦/- દેવશી વેલજી હાલાઈ, ધ.પ. તારાબેન-સુરજપર હાલે મોમ્બાસા-કેન્યા સુપુત્રી ચિ. નીનાના લગ્નપ્રસંગે ભેટ.
૧૦૧/- દિનેશ કલ્યાણ ભુડિયા-માનકુવા સુપુત્ર ચિ. દેવેશના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૦૦/- દેવશી રત્ના વરસાણી-માનકુવા શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે ભેટ.

૫૦૦/- રામજી લાલજી જેસાણી-બળદિયા ઉ.વા. દીકરી રસીલાબેનના લગ્ન પ્રસંગે ભેટ.
૧૧૧/- શિવજી ધનજી માસ્તર-માધાપર પૌત્રી અક્ષીબેન મનોજ પિંડોરીયાનું આંખનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે ભેટ.
૫૦૧/- મહેશ રૂપશી ખુથીયા યશેષ રૂપશી ખુથીયા કીન જતીન ગાલા, પરેશ જતીન ગાલા, રૂપશી ધનજી ખુથીયા-મુંબઈ જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૧/- શૈલેષભાઈ સવજીભાઈ પરબડીયા-સુરત સુપુત્ર ચિ. જેનીલ નવી બાઈસિકલ લાવ્યા તે નિમિત્તે ભેટ.
૧૫૦/- કુંવરજી વેલજી વેલાણી - સુખપર સુત નીતિનની સુપુત્રી ચિ. નિશિકાના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૧/- સૂર્યકાંત લાલજી ગજ્જર-ભુજ પૌત્ર દેવાંશુ નીતિન ગરવલીયાના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૫૧/- શિવજી કેશરા હાલાઈ, વાલજી કેશરા હાલાઈ-દહીંસરા પિતાશ્રી કેશરા કરસન હાલાઈ અ.નિ. થતાં મોક્ષાર્થે ભેટ.
૧૦૦૦/- વિનોદ જાદવા ખીમાણી-દહીંસરા હાલે નૈરોબી હ. જાદવાભાઈ ખીમાણી સુપુત્રી નંદનીના જન્મપ્રસંગે ભેટ.
૧૦૧/- અ.નિ. હીરાલાલ જેઠાલાલ ઠક્કર હ. નિલેશ શ્રાધ્ધ નિમિત્તે ભેટ.
૫૧/- અ.નિ. ચંદ્રશંકર કેશવજી મહેતાની પુણ્યતિથિ નિમિત્તે ભેટ. હ. અનિલભાઈ મહેતા
૨૦૧/- નારાણ પ્રેમજી હીરાણી-કોડકી સુપુત્ર ચિ. કિશોર અને પુત્રી ક્રિષ્નાના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૦૦/- અનિતાબેન પ્રકાશભાઈ હાલાઈ-દહીંસરા હાલે બોલ્ટન કાું. ના શુભારંભ પ્રસંગે ભેટ.
૧૫૧/- ગીતા પ્રકાશ હીરાણી - માધાપર ચિ. દિયાના જન્મનિમિત્તે ભેટ.
૧૫૧/- ગીતા જગદિશ ભુડિયા-માધાપર ચિ. ધ્યેયના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૦૦/- ભીમજી કાનજી ગોરસીયા-માનકુવા- ૪૦ વર્ષ પૂર્ણ થતાં જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૧/- દિનેશ હીરજી કેરાઈ-કોડકી ચિ. વિનેશના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૨૫/- જમનાદાસ ઉમરશી ઠક્કર (સચદે)-રવાપર હાલે મુંબઈ મુલુંડમાં નવું મકાન ખરીદ્યું તે નિમિત્તે ભેટ.
૧૦૧/- કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-નાગલપર શિબિર નિમિત્તે ભેટ.
૨૦૦/- શિવજી કરસન હીરાણી-મીરજાપર ચારધામની યાત્રા સુખરૂપ પૂર્ણ કરી તે નિમિત્તે ભેટ.
૨૫૦/- દેવ રવજી મેપાણી તથા દર્શન રવજી મેપાણી-સુરજપર બન્ને ભાઈઓના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૦/- ખીમજી લાલજી રાબડીયા-સરલી કપાસની પેદાશ સારી થતાં શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૧૦૧/- નિલેશ લાલજી કાનજી વેકરીયા-માધાપર સગપણ નિમિત્તે ભેટ.
૧૦૧/- સુશીલા કુંવરજી માવજી ભુડિયા-માધાપર સગપણ નિમિત્તે ભેટ.
૨૫૧/- ગોવિંદભાઈ ગોરસીયા-મદનપુર પૌત્ર ધ્રુવ ગોપાલભાઈ ગોરસીયાના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૦૧/- અ.સૌ. રમાબેન રાજેશ હરજી કેરાઈ રમાબેન રાજેશ હરજી કેરાઈ-લંડનને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે ભેટ.
૨૫૧/- હિતકુમાર કાનજીભાઈ હાલાઈ-ભારાપર (માંડવી) જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૧/- ભાવેશસિંહ બિપીનસિંહ રાઠોડ-ભુજ જન્મ દિવસ નિમિત્તે ભેટ.
૧૫૧/- હસમુખ પરબત-કુંદનપર જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૦૦/- નિયતિબેન જયંતિલાલ રત્ના ભુડિયા-ફોટડી હાલે મોમ્બાસા-જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૫૦/- કિશોર જાની-અમદાવાદ શ્રી હરિપ્રસન્નતાર્થે ભેટ.
૫૦૧/- કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-નાગલપર (માંડવી) - શિબિર નિમિતે ભેટ.
૨૫૧/- ગોપાલભાઈ કરસન મેપાણી-બળદિયા (ની.વા.) ૫૦ વર્ષ પૂર્ણ થતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ.
૨૦૧/- શિવજી ધનજી પિંડોરીયા-માધાપર દિવાળી નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૨૦૦/- શિવજી ધનજી પિંડોરીયા-માધાપર પૂ. મહંતસ્વામીનો ઓસ્ટ્રેલિયા પ્રવાસ સુખરૂપ પૂર્ણ થતાં તે નિમિત્તે ભેટ.
૫૫૧/- મહેન્દ્ર રણછોડદાસ સોની-ભુજ પુત્ર દર્શનને ત્યાં પુત્ર રત્ન શુભમ્ ના જન્મ નિમિત્તે ભેટ.
૧૦૦/- રવજી મેઘજી હાલાઈ-ગોધરા-માંડવી નવી મોટર સાઈકલ ખરીદી તે નિમિત્તે ભેટ.
૫૦૦/- હરીશ મેઘજી રાબડીયા-વાડાસર હાલે નૈરોબી જન્મદિવસ નિમિત્તે ભેટ.




















(૧) સરસ્વતી સન્માન-ઈન્ટરનેશનલ તથા નેશનલ કક્ષા પહોંચેલ વિદ્યાર્થીઓનું સન્માન કરતા પૂ. સ્વામી દેવકૃષ્ણદાસજી. (૨) રમત ગમતમાં ઉતીર્ણ થયેલ શ્રી સ્વા. કન્યા વિદ્યામંદિરની બાલિકાઓ-મીરઝાપર. (૩) દર એકાદશીના દિવસે ભુજ મંદિરમાં બીરાજતા દેવોની ધ્વજાઓ બદલાવવામાં આવે છે જેનો લાભ લેતા ભાગ્યશાળી યજમાનો-ભુજ. (૪) કાળી ચૌદશના દિવસે હનુમાનજીના પૂજન બાદ આરતી ઉતારતા પ.પૂ. મહંત સ્વામી-ભુજ. (૫-૬) પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિરમાં ચોપડા પૂજન તેમજ દિવ્ય અન્નકૂટ દર્શન-નાઈરોબી. (૭)અલતૂર્કિ સ્વામિનારાયણ મંદિરમાં અન્નકૂટ દર્શન-મસ્કત, યુ.એ.ઈ. (૮) લક્ષ્મણભાઈ કંપનીમાં અન્નકૂટોત્સવ દર્શન-સીસલ. (૯) શ્રી સ્વામિનારાયણ મંદિર નારાણપર (ઉપલોવાસ)માં અન્નકૂટ દર્શન.

RNI NO. GUJGUJ/2001/5643
Shree Swaminarayan Dharmasandesh
Regd. No. GKCH-158/2009-2011
WPP Lic No. G-PMG-RJT/011(Foreign)/2007-09
WPP Lic No. G-PMG-RJT/011/2007-09



નવાવર્ષના દિવસે ઠાકોરજી આગળ ગોવર્ધન પૂજા બાદ અન્નકૂટ
આરોગતા ઠાકોરજીની આરતી કરતા પ.પૂ. મહંત સ્વામી ભુજ



પ્રસાદી મંદિર ભુજમાં અન્નકૂટના દર્શન



માંડવી મંદિરમાં ઠાકોરજી આગળ
ધરાવાયેલ અન્નકૂટ



અંજાર મંદિરમાં શ્રી ઘનશ્યામ
મહારાજ આગળ અન્નકૂટ દર્શન



અન્નકૂટની પૂર્વતૈયારીના ભાગરૂપે સેવા કરતા
સંતો સાથે પૂ. મહંત સ્વામી



અન્નકૂટના થાળની પ્રસાદી
ભરતા યુવા ભક્તો





અન્નકૂટની સેવામાં સાં.યો. બહેનો તથા કર્મયોગી બહેનો